## FORM -A

| |
|---|
| IN THE COURT OF<br>**The Hon'ble 3rd Addl. District & Session Judge, Bhavnagar.**<br>Date of The judgment: 28/03/2025<br>**Sessions Case No.151/2019**<br>Details of F. I.R /Crime and Police Station.<br>ઘોઘારોડ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં.૧૧૧/૨૦૧૯, તા:૨૬/૦૭/૨૦૧૯<br>ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(એન), ૫૦૬(૨). |

| | |
|---|---|
| Complainant | સ્ટેટ ઓફ ગુજરાત. |
| REPRESENTED BY | વિ.એ.પી.પી. શ્રી વી.જી.માંડલીયા. |
| ACCUSED | ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા,<br>ઉ.વ.૨૯,<br>રહે. સારવદર ગામ, તા.ઘોઘા, જી.ભાવનગર. |
| REPRESENTED BY | આરોપી તરફે વિ.વ.શ્રી એન.એ.ચૌહાણ. |

## FORM -B

| | |
|---|---|
| Date of Offence | તા:૦૧/૦૪/૨૦૧૯ ના કલાક ૦૦-૦૧ થી તા.૨૫/૦૭/૨૦૧૯ ના કલાક ૨૩-૫૯ દરમિયાન. |
| Date of F.I.R | તા: ૨૬/૦૭/૨૦૧૯ કલાક ૧૧-૪૫ |
| Date of Chargesheet | તા: ૨૦/૦૯/૨૦૧૯ |
| Date of Framing of Charges | તા: ૧૮/૧૨/૨૦૨૧ |
| Date of commencement of evidence | તા: ૦૬/૦૯/૨૦૨૨ |
| Date of which judgment is reserved | તા: ૨૮/૦૨/૨૦૨૫ |
| Date of the Judgment | તા: ૨૮/૦૩/૨૦૨૫ |
| Date of the Sentencing Order, if any | NA |

## Accused Details.

| Rank of the accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા, ઉ.વ.૨૯, રહે. સારવદર ગામ, તા.ઘોઘા, જી.ભાવનગર. | ૨૬/૦૭/૨૦૧૯ | ૦૯/૦૯/૨૦૧૯ | ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(એન), ૫૦૬(૨) | Acquitted | NA | NA |

## FORM-C

## LIST OF PROSECUTION / DEFFENCE/ COURT WITNESSES

## A. Prosecution.

| RANK | NAME | | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESSE, MEDICAL WITNESSE, PUNCH WITNESSE, OTHER WITNESSE |
|---|---|---|---|
| PW1 | ભોગ બનનાર. | આંક–૧૩ | ભોગ બનનાર. |
| PW2 | ભોગ બનનારના ભાઈ. | આંક–૧૯ | સાહેદ. |
| PW3 | ભોગ બનનારની બહેન. | આંક–૨૦ | સાહેદ. |
| PW4 | ભોગ બનનારના પતિ. | આંક–૨૧ | સાહેદ. |
| PW5 | હનિફભાઈ બચુભાઈ મુસાણી. | આંક–૨૨ | પંચ. |
| PW6 | જતીનકુમાર જેન્તીભાઈ ધંધુકીયા. | આંક–૨૫ | પંચ. |
| PW7 | મેહુલભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ. | આંક–૨૮ | પંચ. |
| PW8 | દીપકભાઈ ઘનશ્યામભાઈ પટેલ. | આંક–૨૯ | પંચ. |
| PW9 | ઈશ્વરભાઈ રણછોડભાઈ પરમાર. | આંક–૩૨ | પંચ. |
| PW10 | ગ્યાનભાઈ સેવારામભાઈ રાજાઈ. | આંક–૩૩ | પંચ. |
| PW11 | વિનુભાઈ રામજીભાઈ ચૌહાણ. | આંક–૩૫ | પંચ. |
| PW12 | આકાશભાઈ શીવજીભાઈ ચૌહાણ. | આંક–૩૬ | પંચ. |
| PW13 | ભાવેશભાઈ સુરેશભાઈ સોલંકી. | આંક–૩૮ | પંચ. |
| PW14 | ડો. અદિતી વિઠ્ઠલ. | આંક–૩૯ | ડોકટર. |

| | | | |
|---|---|---|---|
| PW15 | ડો. આશિષ બટુકપર્વત ગોસાઈ. | આંક–૪૩ | ડોકટર. |
| PW16 | ધનસુખરાય વિનોદરાય પટેલ. | આંક–૪૭ | પી.એસ.ઓ. |
| PW17 | ઘનશ્યામદાન ખોડીદાન ઈશરાણી. | આંક–૫૦ | ત.ક.અ. |
| PW18 | અનીલભાઈ પ્રભુભાઈ સલૈયા. | આંક–૫૧ | ત.ક.અ. |

**B. Defence Witnesses , if any: None.**

**C. Court Witnesses If any : None.**

**LIST OF PROSECUTION /DEFFENCE / COURT EXIHIBITS.**

**A. Prosecution.**

| Sr. No. | Exihibit Number | Description |
|---|---|---|
| 1. | આંક–૧૪/PW 1 | ફરિયાદ. |
| 2. | આંક–૧૫/PW 1 | સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન તથા ખાખી કવર. |
| 3. | આંક–૨૩/PW 5 | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| 4. | આંક–૨૬/PW 6 | ભોગ બનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું. |
| 5. | આંક–૨૭/PW 6 | પંચ સ્લીપો. |
| 6. | આંક–૩૦/PW 8 | આરોપીની અટક તથા કપડા કબજે કર્યા અંગેનું પંચનામું. |
| 7. | આંક–૩૧/PW 8 | પંચ સ્લીપો. |
| 8. | આંક–૩૪/PW 10 | ભોગ બનનારના સેમ્પલો કબજે કર્યા અંગેનું પંચનામું. |
| 9. | આંક–૩૭/PW 12 | આરોપીના સેમ્પલો કબજે કર્યા અંગેનું પંચનામું. |
| 10. | આંક–૪૦/PW 14 | ભોગ બનનારની મેડીકલ તપાસ કરવા અંગેની યાદી. |
| 11. | આંક–૪૧/PW 14 | ભોગ બનનારનું એમ.એલ.સી. સર્ટીફીકેટ. |
| 12. | આંક–૪૪/PW 15 | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ. |
| 13. | આંક–૪૫/PW 15 | આરોપીની મેડીકલ તપાસ કરી નમુના લેવા અંગેની યાદી. |
| 14. | આંક–૪૬/PW 15 | આરોપીના સેમ્પલ ઓફ સીલનો ફોર્વર્ડીંગ લેટર. |
| 15. | આંક–૪૮/PW 16 | સ્ટેશન ડાયરીની ખરી નકલ. |
| 16. | આંક–૪૯/PW 16 | તપાસનો ડેપ્યુટ હુકમ. |
| 17. | આંક–૫૨/PW 18 | મુદ્દામાલ રવાનગી યાદી. |

| | | |
|---|---|---|
| 18. | આંક–૫૩/PW 18 | એફ.એસ.એલ., જુનાગઢમાં મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ. |
| 19. | આંક–૫૪/PW 18 | સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી. |
| 20. | આંક–૫૫/PW 18 | કલમ ઉમેરાનો રીપોર્ટ. |

## B. Defence. : None.

## C. Court Exihibits. : None.

## D. Material Objects.

| Sr. No. | Material Number | Description |
|---|---|---|
| 1. | MO 1 | <u>I મુ. પાવતી નં. ૧૮૫/૧૯, તા.૨૬/૦૭/૧૯</u><br>૧. એક ક્રીમ કલરની ગુલાબી પાંદડાની ડીઝાઈનવાળી સાડી જે સીલ પેક બેગીમાં.<br>૨. એક ગુલાબી કલરનું બ્લાઉઝ જે સીલપેક બેગીમાં.<br>૩. એક ગુલાબી કલરનો ચણીયો જે સીલપેક બેગીમાં. |
| 2. | MO 2 | <u>I મુ. પાવતી નં. ૧૮૬/૧૯, તા.૨૬/૦૭/૧૯</u><br>૧. એક કાળા કલરનો LYF કંપનીનો મોબાઈલ ફોન છે જેમાં એક આઈડીયા કંપનીનું સીમકાર્ડ છે તે.<br>૨. એક કાળા કલરનો JIO કંપનીનો મોબાઈલ છે. જેના IMEI No.911590753950921 ના છે તે.<br>૩. સફેદ કલરનો કાળી ટપકીઓ વાળો મેલા જેવો જુનો શર્ટ સીલપેક બેગીમાં.<br>૪. કોફી કલરનું જુના જેવું મેલુ પેન્ટ સીલપેક બેગીમાં. |
| 3. | MO 3 | <u>I મુ. પાવતી નં. ૧૮૭/૧૯, તા.૨૬/૦૭/૧૯</u><br>એક હોસ્પિટલના સીલપેક કવર ઉપર ભોગ બનનારનું નામ લખેલ છે.<br>૧. બ્લડ–5CC EDTA- PLAIN<br>૨. નેઈલ<br>૩. પ્યુબીક હેર<br>૪. સ્લાઈવા<br>૫. વજાઈનલ સ્વાબ<br>૬. વજાઈનલ સ્મીયર<br>સેમ્પલો છે તે. |
| 4. | MO 4 | <u>I મુ. પાવતી નં. ૧૮૮/૧૯, તા.૨૬/૦૭/૧૯</u><br>એક હોસ્પિટલના સીલપેક કવર ઉપર ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા લખેલ છે અને તેમાં<br>૧. લોહી–૨ વેકયુરી PLAIN EDTA<br>૨. સ્લાઈવા<br>૩. પ્યુબીક હેર<br>૪. નખ<br>૫. સીમેન<br>સેમ્પલો છે તે. |

| | |
|---|---|
| રજુ તારીખ | ૨૦/૧૨/૨૦૧૯ |
| દાખલ તારીખ | ૨૦/૧૨/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૨૮/૦૩/૨૦૨૫ |
| **સમયગાળો** | **વર્ષ–માસ–દિવસ** |
| | **૦૫–૦૩ – ૦૮** |

**આંક–**

---

**ભાવનગરના મહે.ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મું. ભાવનગર.**

---

**સેશન્સ કેસ નં.૧૫૧/૨૦૧૯**

---

**ફરીયાદી** :– શ્રી સરકાર

વિરુદ્ધ

**આરોપી** :– ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા,
ઉ.વ.૨૯,
રહે. સારવદર ગામ, તા.ઘોઘા,
જી.ભાવનગર.

---

**ગુન્હો:–** ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે : વિધ્વાન એ.પી.પી. શ્રી વી.જી.માંડલીયા.
આરોપી તરફે : વિધ્વાન વ. શ્રી એન.એ.ચૌહાણ.

---

**:: જજમેન્ટ ::**

**(૧.૦)** ફરીયાદ પક્ષની ટૂંકમાં વિગત એવી છે કે,

આ કામના ફરિયાદી ધ્વારા તા.૨૬/૦૭/૨૦૧૯ ના રોજ ઘોઘારોડ

પોલીસ સ્ટેશન, ભાવનગર સમક્ષ એવા મતલબની ફરિયાદ લખાવેલ છે કે, તે ફરિયાદમાં દર્શાવેલ સરનામે તેના પતિ તથા બે બાળકો સાથે રહે છે અને ઘરકામ કરે છે. વધુમાં, જણાવેલ છે કે, ગયા વર્ષે સાતમ આઠમમાં તેના ફોન ઉપર કોઈ અજાણ્યા નંબરમાંથી ફોન આવતા તે લેડીઝ હોઈ તે અવાજ તે ઓળખી ફરી વખત તેને ફોન કરેલ કે, ''તમે કયા રહો છો અને તમારુ નામ શું છે.'' તેમ તેને કહેતા તેણે કહેલ કે, ''તારે શું કામ છે તેમ કહેતા'' આ નંબર ઉપરથી બીજા દિવસે પણ ફોન આવેલ. એ જ રીતે અવાર–નવાર ફોન આવતા તેમને ફોન ઉપર ઓળખાણ થયેલ અને તેઓએ એકબીજાના નામ ફોન ધ્વારા જાણેલ. ત્યારબાદ તે તેને ફોન ઉપર રૂબરુ મળવા બોલાવતા. તે આ ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા, રહે. સારવદરને પ્રથમ ટોપ થ્રી સર્કલે મળેલ અને ત્યારબાદ તે તેની સાથે પીકચર જોવા ગયેલા. આ રીતે તેને જયારે આ ગોવિંદ બોલાવતો ત્યારે તે તેને મળવા જતી. ત્યારબાદ તેઓ એકબીજાને ફોન ઉપર એકબીજાના ફોટા શેર કરતા અને સારી રીતે ફોન ઉપર વાતો–ચીતો કરતા રહેતા. વધુમાં, જણાવેલ છે કે, આશરે ચારેક મહિના પહેલા આ ગોવિંદ ચુડાસમાંએ તેને ફોન કરેલો અને કહેલ કે, ''મારે તારુ કામ છે આપણે મળવુ છે. તું આઝાદનગરમાં ભરવાડની દુકાન સામે ઉભી રહે'' તેમ વાત કરેલ. જે તે સમયે તેને તેની સાથે સારા સંબંધ હોય જેથી તે આઝાદનગરમાં ભરવાડની દુકાનની સામે ગયેલ હતી. તેવામાં ગોવિંદ ત્યાં આવેલો અને તેને આઝાદનગરમાં આવેલ અશોકભાઈ મિસ્ત્રીના મકાને લઈ ગયેલ. તે મકાને કોઈ હાજર ન હતુ. તે અને ગોવિંદ બંન્ને હોય, ગોવિંદે તેને કહેલ કે, ''મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે.'' તેઓ એકબીજા સાથે વાતચિત કરતા હોય અને તેમના સારા સંબંધ હોય, જેના કારણે તેને વશ થયેલ અને તેઓ બંન્નેએ શરીર સંબંધ બાંધેલ હતો. ત્યારબાદ ગોવિંદે તેને ફોન કરી શરીર સંબંધ બાંધવા માટે બોલાવતા તેના પતિ ઘરે હાજર હોય, જેથી તે તેને મળવા ગયેલ નહીં. આ પછી ગોવિંદે તેને ફોન કરી કહેલ કે, ''હવે જો તુ મને મળવા નહી આવ અને મારી સાથે સંબંધ નહી રાખ તો તારા ફોટા તથા વિડીયો મારા ફોનમાં છે તે હું તારા પતિને અને ભાઈને

મોકલી આપીશ'' તેવી ધમકી આપેલ. જેથી તે ડરી ગયેલ હતી. આ પછી ગોવિંદ ચુડાસમાંએ તેને અલગ–અલગ દિવસોએ ત્રણ થી ચાર વખત આઝાદનગરમાં અશોકભાઈ મિસ્ત્રીના ઘરે બોલાવેલ હતી અને તેની મરજી વિરુધ્ધ તેની સાથે શરીર સંબંધ બાંધેલ અને ''જો આ બાબતે કોઈને વાત કરીશ તો તારા ફોટા અને વિડીયો વાયરલ કરી દઈશ અને તારા પતિને અને તને જાનથી મારી નાખીશ'' તેમ ધમકી આપેલ હતી. ત્યારબાદ આ ગોવિંદ ચુડાસમાં તેને અવાર–નવાર ફોન કરી, શરીર સંબંધ બાંધવા માટે બોલાવતો હોય, જેથી તે ખુબ જ કંટાળી ગયેલ હોય અને તેને તેની ભુલ સમજાતા તેણે તેના પતિ તથા તેના ભાઈઓને આ તમામ હકીકત જણાવેલ હતી. આમ, ફરિયાદીએ ઉપરોકત વિગતેની ફરિયાદ આરોપીની સામે ધોરણસર થવા માટે ઘોઘારોડ પોલીસ સ્ટેશન, ભાવનગરનાઓ સમક્ષ જાહેર કરેલ.

(૨.૦) આમ, ફરિયાદીએ સદર ફરીયાદ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં આપતાં તે અંગે સદર પોલીસ સ્ટેશનમાં ગુન્હા રજી. નં.૧૧૧/૨૦૧૯ થી ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ, તપાસ કરનાર અધિકારી ધ્વારા આ ગુન્હાની તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન ચાર્જશીટમાં દર્શાવેલ ઉપરોકત આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબનો ગુન્હો બનવા પામતો હોઈ, આરોપીને અટક કરી, તેમની વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતાં, ત.ક.અ.શ્રીએ આ કામનું ચાર્જશીટ સંબંધિત મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરેલ. જેને ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે. ત્યારબાદ વિ.મેજીસ્ટ્રેટ કોર્ટને આરોપી સામેના સદર ગુન્હાનો પ્રકાર જોતા આરોપી સામેની ટ્રાયલ ચલાવવાની હકુમત ન હોઈ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ નું પાલન કર્યા બાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૦૯ મુજબ આ કેસ સેશન્સ કોર્ટને કમીટ કરતો આદેશ કરી ભાવનગરના મહેરબાન જીલ્લા ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટને મોકલી આપેલ. ત્યારબાદ આ કેસને સેશન્સ કેસ

નંબર–૧૫૧/૨૦૧૯ થી રજીસ્ટરે લીધા બાદ આરોપી સામેના સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે આ કેસ નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધીશ દ્વારા આ કોર્ટને મોકલી આપેલ છે.

**(૩.૦)** સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ રૂબરૂ આવતાં આરોપી હાજર રહેતા, તેમને ચાર્જશીટની નકલો મળી ગયા બાબતની ખાતરી કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વકીલશ્રીને સાંભળ્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબના ગુન્હાનું તહોમતનામું પુરોગામી સેશન્સ જજશ્રી દ્વારા ફરમાવવામાં આવેલ અને તે તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવ્યા બાદ, તે તહોમતનામા બાબતે આરોપીની આંક–૦૮ લગત પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુન્હો કબુલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે, તેમ જણાવતા સદર આરોપી સામે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪.૦)** આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં ઉપરોકત ફોર્મ–'સી' માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે તથા આંક–૫૬ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

**(૫.૦)** આ કામે ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયા બાદ આ કામના આરોપીનો રેકર્ડ ઉપર આવેલ પુરાવા અન્વયે ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે વધારાનો જવાબ નોંધવામા આવતા, આરોપીએ ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, તે નિર્દોષ છે અને તેની પાસેથી પૈસા પડાવવા માટે તેની ઉપર આ ખોટો કેસ કર્યો છે. વધુમાં, આરોપીએ તેમને બચાવના સાક્ષી તપાસવા નથી

કે જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેવું જણાવેલ છે. ત્યારબાદ આ કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

(૬.૦) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદી/ભોગ બનનારની જુબાની પરથી તથા તેની જુબાનીમાં રજુ થયેલ આંક-૧૪ ની ફરિયાદ તથા આંક-૧૫ ના તેના સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબના નિવેદનની વિગતો પરથી એ હકીકત સાબિત થાય છે કે, સદર બનાવના અરસામાં આ કામના આરોપી દ્વારા ફરિયાદી સાથેના સારા સંબંધોનો લાભ લઈ, ફરિયાદી સાથે શરીર સંબંધ બાંધી, ભોગ બનનારના ફોટા તથા વીડીયો ફરિયાદીના પતિ તથા ભાઈને મોકલી આપવાની ધમકી આપી, ફરિયાદીની ઈચ્છા વિરુધ્ધ તેની સાથે અવાર-નવાર બળાત્કાર કરેલ છે અને તે બાબતની તે કોઈને વાત કરશે તો તેના પતિને જાનથી મારી નાખવાની ગુન્હાહિત ધમકી આપવામાં આવેલ છે. વધુમાં, શ્રી માંડલીયા દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદીની સોગંદ પરની જુબાનીને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ તેના ભાઈ તથા તેના પતિની જુબાની પરથી તથા તેની મેડીકલ ચકાસણી કરનાર ડો. અદિતિ વિઠ્ઠલની જુબાની પરથી સંપૂર્ણપણે સમર્થન મળી રહેલ છે. વધુમાં, શ્રી માંડલીયા દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ પંચનામાઓની વિગતોને જે તે પંચ સાહેદો દ્વારા સમર્થન આપવામાં આવેલ ન હોય તથા ફરિયાદપક્ષના કેસને એફ.એસ.એલ. ના પુરાવાથી સમર્થન મળી રહેલ ન હોય, તે માત્ર કારણસર ફરિયાદપક્ષનો કેસ શંકાસ્પદ માની શકાય તેમ નથી અને હાલના કેસમાં માત્ર ફરિયાદી/ભોગ બનનારની જુબાની આધારે આ કામના આરોપીને આક્ષેપિત ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી શકાય તેમ છે. વધુમાં, શ્રી માંડલીયા દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષના કેસને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પી.એસ.ઓ. તથા

તપાસ કરનાર પોલીસ અધિકારીઓની જુબાની પરથી પણ સંપૂર્ણપણે સમર્થન મળી રહેલ છે. આમ, ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે આક્ષેપિત ગુનાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં સફળ થયેલ હોય, આ કામના આરોપીને સદર ગુનાઓ અંગે મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૭.૦) આ કામે આરોપીપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી એન.એ.ચૌહાણ દ્વારા રેકર્ડ આધારે રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદીની જુબાનીનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં, રેકર્ડ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર બનાવના અરસામાં ફરિયાદી તથા આ કામના આરોપી વચ્ચે ફોન દ્વારા તથા રુબરુ વાતચિત અનુસંધાને ગાઢ પ્રેમ સંબંધ બંધાયેલ હતા અને અને તે પ્રેમ સંબંધના કારણે ફરિયાદીની સંમતિ અને મરજીથી તેઓએ એકબીજા સાથે શરીર સંબંધ બાંધેલ હતા. વધુમાં, રેકર્ડ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી તેની પુત્રી સાથે પણ અનેક વખત આ કામના આરોપી જે ઓરડીમાં રહેતા હતા ત્યાં જતા હતા અને આરોપીની જીવન જરુરીયાતની તમામ વસ્તુઓ પણ તેમને પુરી પાડતા હતા. વધુમાં, રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદીની જુબાની પરથી જ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તેઓ બંન્ને સ્વૈચ્છાએ એકબીજાના ફોટા શેર કરતા હતા. વધુમાં, આ કામના આરોપી દ્વારા ફરિયાદીના કોઈ આપત્તિજનક ફોટાઓ તેના મોબાઈલમાં પાડેલ હોય અને તે વાયરલ કરવાની કે તે ફોટા તેના પતિને તથા તેના ભાઈને મોકલી દેવાની ફરિયાદીને કોઈ ધમકી આપેલ હોય અને તે ધમકી તળે આરોપી દ્વારા ફરિયાદી સાથે તેની મરજી વિરુધ્ધ કોઈ શરીર સંબંધ બાંધવામાં આવેલ હોય, તેવી કોઈ હકીકત નિ:શંકપણે રેકર્ડ પર સાબિત થયેલ નથી. વધુમાં, રજુઆત કરેલ છે કે, આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી અને આરોપી વચ્ચેના સદર પ્રેમ સંબંધની જાણ ફરિયાદીના પતિને થઈ જતાં, ફરિયાદી દ્વારા તેના પતિના દબાણથી ખુબ જ વિલંબથી

ખોટા આક્ષેપો સાથેની આરોપી સામે હાલની ફરિયાદ કરવામાં આવેલ છે. વધુમાં, રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીના ભાઈ તથા તેના પતિની જુબાની પરથી પણ સદર બનાવના અરસામાં આરોપી તથા ફરિયાદી વચ્ચે પ્રેમ સંબંધ હોવાની અને તેના કારણે તેઓ વચ્ચે શારીરિક સંબંધ બાંધવામાં આવેલ હોવાની હકીકત પણ સ્પષ્ટ થાય છે. વધુમાં, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીની બહેન ધ્વારા ફરિયાદીના આક્ષેપોને લેષમાત્ર સમર્થન આપવામાં આવેલ નથી. તે સંજોગોમાં પણ ફરિયાદીની જુબાની તેના આરોપી સામેના સદર આક્ષેપો અંગે તદ્દન શંકાસ્પદ બની જાય છે. વધુમાં, રજુઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષે આ કામે રજુ કરવામાં આવેલ એક પણ પંચનામાની હકીકતો, જે તે પંચ સાહેદની જુબાની થકી સાબિત કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને સદર પંચો કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદની જુબાની પરથી પણ સમર્થન મળી રહેલ નથી. વધુમાં, રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે તપાસ દરમિયાન તપાસ કરનાર અધિકારી ધ્વારા ફરિયાદી તથા આરોપીના કપડા કબજે કરી તથા તેમના મેડીકલ સેમ્પલો મેળવી તે એફ.એસ.એલ. ના પૃથ્થકરણ માટે જુનાગઢ મોકલવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ તે અંગે ફરિયાદપક્ષે એફ.એસ.એલ. નો કોઈ અભિપ્રાય આ કામે રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં પણ આ કોર્ટે ફરિયાદપક્ષના કેસની વિરુધ્ધની હકીકતોનું અનુમાન રેકર્ડ પરથી કરવાનું રહે છે. આમ, રેકર્ડ પરથી ફરિયાદી તથા આરોપી વચ્ચેના સદર સંબંધો પરસ્પર સંમતિ તથા સહમતીના સંબંધો (consensual relationship) હોવાનું રેકર્ડ પરથી સાબિત થાય છે. આમ, આ કામે ફરિયાદપક્ષ આ કામના આરોપી વિરૂધ્ધનું આક્ષેપિત ગુન્હાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**(૮.૦)** આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુ દ્દા**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૪/૨૦૧૯ ના કલાક ૦૦–૦૧ થી તા.૨૫/૦૭/૨૦૧૯ ના કલાક ૨૩–૫૯ દરમિયાન મોજે આઝાદનગર, ભાવનગર મુકામે ફરિયાદી/ભોગ બનનાર, ઉ.વ.૨૮ વાળા સાથે ફોનમાં સંપર્ક થતા સારા સંબંધ કેળવી, તેનો લાભ લઈ, ફરિયાદી સાથે શરીર સંબંધ બાંધી, ફરિયાદી/ભોગ બનનારના ફોટા તથા વિડીયો ફરિયાદીના પતિ તથા ભાઈને મોકલી આપવાની ધમકી આપી, ફરિયાદીની ઈચ્છા વિરુધ્ધ અવાર–નવાર શરીર સંબંધ (સંભોગ–બળાત્કાર) કરી તેમજ આ બાબતે કોઈને વાત કરીશ તો તારા પતિને અને તને જાનથી મારી નાંખીશ તેવી ગુનાહીત ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૮.૧)** ઉપરોકત મુદાઓના નિર્ણયો, તે અંગે નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારમાં,

( ૨) આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**(૯.૦)** **મુદ્દા નં. ૧ :–**

**(૯.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે

પુરવાર કરવાનો હોય છે અને જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા જોઈએ. વધુમાં, રજુ થયેલ પુરાવા દરમ્યાન જો કોઈપણ શંકાસ્પદ હકીકત ઉદભવે તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે.

**(૧૦.૦)** આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબના ગુના અંગેનો આક્ષેપ છે, તે સંજોગોમાં, આક્ષેપિત ગુન્હા અંગેના તત્વો ધ્યાને લેતાં, રેકર્ડ પરના પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૩ થી ફરિયાદી/ભોગ બનનારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેણે તેની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે તે સીંધુનગર રહેતી હતી અને તે મોબાઈલ વાપરે છે. બનાવ સમયે તે જે મોબાઈલ ફોન વાપરતી હતી તેનો નંબર તેને આજે યાદ નથી કારણ કે ફોન તેણે બંધ કરી દીધેલ છે. વધુમાં, જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણ વર્ષ પહેલા બનેલો અને ગોવીંદ નામનો છોકરો તેને બ્લેકમેલ કરતો હતો, તેના ફોટા તેની પાસે હતા, પહેલા તે તેની સાથે ફોનમાં વાતો કરતી હતી અને તેમને વાતચિતનો સંબંધ હતો તે દરમ્યાન તેણે તેના ફોટા તેના ફોનમાં પાડી લીધેલા તે ફોટા તે વાઈરલ કરી દેશે તેવી તેણે તેને ધમકી આપેલી. વધુમાં, જણાવેલ છે કે, આરોપી સાથે તેણીને પહેલીવાર મળવાનુ એવી રીતે થયેલ કે, તેણે તેણીના ફોનમાં રોંગ નંબરથી ફોન કરેલો, પછી તેના દોસ્તાર અને આ બધા તેણીને હેરાન કરતા, તેણે તેણીને ફોન કરીને પુછેલ કે, ''તમે કોણ છો ?'' તેણીએ તેનું નામ દીધેલ નહી, પછી ફરી વખત તેણે તેણીને ફોન કરેલ અને તેણીને કહેલ કે, ''મારે તારી સાથે વાત કરવી છે તુ મારી સાથે વાત કર'', પછી તેણીએ તેની સાથે વાત કરવાનુ શરુ કરેલુ, બે ત્રણ મહીના

તેઓએ વાત કરેલી પછી તેણીના ઘરે ખબર પડી જતા તેણીએ વાત બંધ કરી દીધેલી. વધુમાં, જણાવેલ છે કે, આ બે ત્રણ મહીના દરમ્યાન આરોપીએ તેણીને ટોપ–થ્રી એ મળવા બોલાવેલી આથી તેણી ટોપ–થ્રીએ ગયેલી, ત્યાં તેના ભાઈબંધના ઘરે તેણીને લઈ ગયેલો, તે તેના ભાઈબંધ અશોકભાઈ મિસ્ત્રીના ઘરે આઝાદનગરમાં તેણીને લઈ ગયેલો, તેણે તેમના એકબીજાના ફોટા પાડેલા, આ ફોટા પાડયા પછી તે તેણીને એવી ધમકી આપતો હતો કે, ''જો તુ મારી સાથે સંબંધ નહી રાખ તો હું તારા વરને જણાવી દઈશ'' આથી તેણીને તે બોલાવે ત્યા જવુ પડતુ હતુ. વધુમાં, જણાવેલ છે કે, તેણે તેણીને એવુ કહેલુ કે, ''તુ મારી સાથે શરીર સંબંધ બાંધ પછી તારા ફોટા ડીલીટ કરી નાંખીશ'' પછી તેણીએ તેની સાથે શરીર સંબંધ તેની ધમકીના કારણે બાંધેલો અને આવો શરીર સંબંધ તેણે તેણીની સાથે ત્રણ કે ચાર વખત બાંધેલો. વધુમાં, જણાવેલ છે કે, આ આરોપી અવાર નવાર તેણીને હેરાન કરતો હોય જેથી તેણીએ તેણીના ભાઈને જણાવેલુ, આથી તેણીનો ભાઈ તેને મળવા ગયેલો પરંતુ તેણે ફોટા ડીલીટ કરવાની ના પાડતા તેણીએ પોલીસ ફરીયાદ કરેલી, આ ફરીયાદ તેણીએ ગોવીંદની વિરુધ્ધમાં કરેલી. વધુમાં, ફરિયાદીને તેની જુબાની દરમિયાન માર્ક– ૬/૨ વાળી ફરીયાદ બતાવવામાં આવતાં, તેમાં તેણીએ તેની સહી ઓળખી બતાવતા તે ફરિયાદ આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં, જણાવેલ છે કે, સદર ફરીયાદ બાદ તેણીને કોર્ટમાં જજ સાહેબ પાસે જવાનુ બનેલુ તથા લીંબડીયુ પોલીસ ચોકીએથી તેઓ સરકારી દવાખાને ગયેલા. સરકારી દવાખાને ડોકટરે તેણીની શારીરીક તપાસ કરેલી. તેણીએ કોર્ટમાં જજસાહેબ પાસે લખાવેલુ અને તે મુજબ જજસાહેબે બધુ નોંધી લીધેલ અને પછી તેણીએ તેમાં સહી કરેલી. વધુમાં, સદર ફરિયાદીને કોર્ટ રેકર્ડમાંથી સીલબંધ ખાખી કવરમાંથી તેનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન બતાવતા તેમાં તેણીએ તેની સહી ઓળખી બતાવતા સદર ખાખી કવર તથા સી.આર.પી.સી. કલમ– ૧૬૪ મુજબનુ નિવેદન સંયુકત આંક–૧૫ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં,

ફરિયાદીએ જણાવેલ છે કે, બનાવ સમયે તેણે ગુલાબી કલરની સાડી તથા ગુલાબી કલરનો ચણીયો તથા ગુલાબી કલરનુ બ્લાઉઝ પહેરેલ હતુ, જે તેણીએ પોલીસમાં રજુ કરેલ, જે તેને બતાવવામાં આવે તો તે ઓળખી શકે. ત્યારબાદ ફરિયાદીએ તેની જુબાની દરમિયાન મુદ્દામાલ આર્ટીકલ માર્ક–A, B, C વાળા કપડા, તે જ કપડા હોવાનું જણાવેલ છે. વધુમાં, જણાવેલ છે કે, આરોપીએ બનાવ સમયે કયા કપડા પહેરેલ હતા, તે તેને યાદ નથી. પરંતુ, તેને તે કપડા બતાવવામાં આવે તો તે ઓળખી શકે. વધુમાં, ફરિયાદીએ મુદ્દામાલ આર્ટીકલ માર્ક–D, E વાળા કપડા જોઈને જણાવેલ છે કે, માર્ક–D વાળો શર્ટ તથા માર્ક–E વાળુ પેન્ટ ગોવીંદનુ છે. વધુમાં, જણાવેલ છે કે, આ બનાવની વાત તેણીએ તેના ભાઈ તથા પતિ તથા મોટી બહેનને કરેલી. વધુમાં, ફરિયાદીએ તેની જુબાની દરમિયાન આરોપી ગોવિંદને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**(૧૦.૧)** વધુમાં, ફરિયાદીની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, ફરિયાદીએ તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેના પતિ શીવરાજભાઈ હીરામાં મજુરી કામે સવારે નવ વાગે ટીફીન લઈને જાય છે અને રાતના અગીયાર વાગે આવે છે. વધુમાં,જણાવેલ છે કે, તે અશોકભાઈ મિસ્ત્રીને ઓળખે છે અને અશોકભાઈ મિસ્ત્રી અને ગોવીંદભાઈ બાજુ બાજુમાં જે તે વખતે રહેતા હતા જેથી તે અશોકભાઈ મિસ્ત્રીને ઓળખે છે. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગોવીંદભાઈ શરુઆતમાં એકલા રહેતા હતા અને બે ત્રણ મહીના પછી ગોવીંદભાઈ અને અશોકભાઈ મિસ્ત્રી સાથે રહેતા હતા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેની ગોવીંદભાઈ સાથેની મિત્રતા મોબાઈલ ફોનના માધ્યમથી થયેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે તે સમયે જે મોબાઈલ હતો તે સાદો કિપેડ વાળો મોબાઈલ હતો. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, જે તે વખતે તેની પાસે ટચ સ્ક્રિન વાળો સ્માર્ટ ફોન હતો અને તે હેન્ડસ ફ્રી પણ વાપરતી હતી. વધુમાં,

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એક જુનો મોબાઈલ તેને ગોવીંદભાઈએ પણ અપાવેલ હતો. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સૌ પ્રથમ વખત મુલાકાત થયેલી ત્યારે ગોવીંદભાઈના ફોન પર એક મીસ કોલ આવેલ હતો જેથી ગોવીંદભાઈએ તે ફોન પર ફોન કરતા તે ફોન મારા પર આવેલો. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેને અને ગોવીંદભાઈ વચ્ચે ફોન પર વાતચિત શરુ થયેલી તે ૨૦ દિવસ સુધી ચાલુ રહેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેની અને ગોવીંદભાઈ વચ્ચે ૨૦ દિવસ સુધી વાતચિત થયેલી તે પછી આ ગોવીંદભાઈએ તેને રામમંત્ર મંદિરે બોલાવેલી અને રામમંત્ર મંદિર ખાતે તેની તથા ગોવીંદભાઈ વચ્ચે એકબીજાથી દુર ઉભા રહીને એકબીજાને જોઈ મુલાકાત થયેલી અને રામમંત્ર મંદિર ખાતે તેણે તથા ગોવીંદભાઈએ એકબીજાને જોઈ લીધા પછી ગોવીંદભાઈએ તેને ફોન કરી ''મારામાં (ગોવીંદભાઈ) કોઈ ખામી તમને દેખાણી કે કેમ'' તેવુ પુછેલ જેથી એ વખતે તેણે ગોવીંદભાઈને એવુ કહેલુ કે, ''મને તેમનામાં કોઈ ખામી જણાયેલ નથી.'' તે વખતે તેને ગોવીંદભાઈએ એવુ પણ જણાવેલુ કે, તેનો એક પગ ખોટો છે. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગોવીંદભાઈએ પોતાનો એક પગ ખોટો છે તેવુ જણાવતા, તેણે તેને એવુ જણાવેલ કે, ''મારે ચાલશે.'' વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ પછી ૧૫ દિવસ બાદ તે તથા ગોવીંદભાઈ ટોપ થ્રી સીનેમા પાસે ભેગા થયેલા અને તેઓ બંનેએ 'સોઈ ધાગે' પીકચર જોયેલુ અને આ રીતે પીકચર જોવા ગયેલા તે વખતે તેણે ગોવીંદભાઈને કહેલુ કે, ''મારે એક દિકરો અને એક દિકરી સંતાનમાં છે'' અને તે વખતે ગોવીંદભાઈએ પણ તેને જણાવેલ કે, તે પરણિત છે અને તેની પત્નિ ગુજરી ગયેલ છે અને આ રીતે પરિચય થયા પછી તેને ગોવીંદભાઈ સાથે બે માસના સમયગાળામાં ફોન પર વાતચિત થતી હતી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તે તથા ગોવીંદભાઈ સૌ પ્રથમ વાર શરીર સુખ ભાવનગર રેલ્વે સ્ટેશન પાસે રુમ ભાડે રાખી માણેલુ. વધુમાં, જણાવેલ છે કે, તેની તથા ગોવીંદભાઈ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો પછી ગોવીંદભાઈ ત્રણ ચાર મહીના બાદ

સારવદર ગામેથી ભાવનગર ખાતે રહેવા આવેલા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગોવીંદભાઈ ભાવનગર રહેવા આવેલા ત્યારે આઝાદનગરમાં બાઘુબેનની ઓરડીમાં ભાડેથી રહેતા હતા અને ગોવીંદભાઈને ગોદડુ અને ઓશીકુ તે વખતે તેણે આપેલ હતુ. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે આઝાદનગરમાં ગોવીંદભાઈ જે ઓરડીમાં રહેતા હતા ત્યાં જતી હતી અને તેના ઘરેથી આઝાદનગરમાં આવેલ ગોવીંદભાઈના ઘરે પગપાળા ચાલતા જતા આશરે પંદરેક મીનીટનો સમય લાગે અને ગોવીંદભાઈને આઝાદનગર ખાતે બપોરનુ ટીફીન તે પહોંચાડતી હતી અને તે ગોવીંદભાઈને તેના આઝાદનગરના ઘરે ટીફીન આપવા જતી હતી ત્યારે તેના ઘરે આશરે પાંચેક મીનીટ જેટલો સમય રોકાતી હતી અને ઘણીવાર તે તેની નાની દિકરીને લઈને સાંજના સમયે ગોવીંદભાઈના ઘરે જતી હતી અને તે વખતે તે ગોવીંદભાઈના કપડા પણ ધોઈ આપતી હતી અને તે ગોવીંદભાઈને ટીફીન આપવા જતી હતી ત્યારે તેણે ગોવીંદભાઈને એવુ જણાવેલ કે, ''કોઈ મારા વિશે પુછે તો તેને એવુ જણાવવુ કે, મારા ભાભી ટીફીન આપવા આવે છે.'' વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે કુટુંબ નિયોજનનુ ઓપરેશન કરાવેલ છે અને તેની જાણ તેણે ગોવીંદભાઈને કરેલી હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગોવીંદભાઈ અને તે જયારે જયારે શરીર સંબંધ બાંધતા હતા તે સમયે તેઓ કોઈ ગર્ભ નિરોધક સાધન વાપરતા ન હતા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગોવીંદભાઈ હીરા ઘસવાનુ કામ રામમંત્ર મંદિર પાસે કરતા હતા અને તે પણ હીરામાં દોરી મારવાનુ કામ શીખવા માટે કુમુદવાડીમાં જતી હતી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણે ગોવીંદભાઈને એવુ જણાવેલુ કે, હીરામાં દોરી મારવાનુ કામ શીખી ગયા પછી તે તેની સાથે હીરા ઘસવાનુ કામ કરશે. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે એક વખત ગોવીંદભાઈને પેન્ટ–શર્ટ લઈ આપેલ. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, એક વખત ગોવીંદભાઈએ તેને ડ્રેસ લેવા માટે પાંચ સો રુપીયા આપેલા. વધુમાં,

એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેના પતિ બહારગામ ગયા હોઈ ત્યારે તે ગોવીંદભાઈ સાથે ફોન પર લાંબો સમય વાતો કરતી હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઘણી વખત તેના પડોશી પંકજભાઈના મોબાઈલ ફોન પરથી વીડીયો કોલ કરી તે અને ગોવીંદભાઈ વાતો કરતા હતા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણે ગોવીંદભાઈને કોર્ટ મેરેજ કરવાનુ કહેતા ગોવીંદભાઈએ તેને જણાવેલ કે, ''તારા છુટાછેડા હજુ થયેલ નથી તેથી લગ્ન કરી શકાય નહી.'' વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એકવાર તેણે ગોવીંદભાઈને ફોન કરેલો પરંતુ ગોવીંદભાઈનો ફોન તેના મોટાભાઈ જેન્તીભાઈ પાસે હોવાથી ફોન તેમણે ઉપાડેલ અને આ જેન્તીભાઈએ ગોવીંદભાઈ પર ફોન કરવાની ના પાડેલી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણે ફોન કર્યો અને આ જેન્તીભાઈએ ઉપાડેલો તે વખતે તેણે તેમને એવુ જણાવેલ હતુ કે, ''મારે ગોવીંદભાઈના ઘરમાં બેસવાનુ છે અને મને ગોવીંદભાઈ સાથે વાત કરાવો.'' વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, એક વખત તે અને ગોવીંદભાઈ પીકચર જોવા માટે બંદર રોડ ગયેલા ત્યારે તેના પતિનો ઘરેથી ફોન આવેલો અને તેમણે એવુ જણાવેલુ કે, ઘરે ગેસનો બાટલો આવેલ છે જેથી તે વખતે પીકચર જોવાનુ માંડી વાડી તે તેના ઘરે ગયેલી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, જયારે તે અને ગોવીંદભાઈ શરીર સુખ માણતા ત્યારે તેના તમામ કપડા ઉતારી લેતી હતી અને કયારેક તેનો ચણીયો ઉંચો કરી શરીર સુખ માણતા હતા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગોવીંદભાઈ સાથે તેને બહુ લાગણી હોવાથી તે જયારે હાથમાં મહેંદી મુકવાતી હતી ત્યારે તે હથેળીમાં ગોવીંદભાઈનો '' જી '' લખાવતી હતી અને આ ફોટા તે ગોવીંદભાઈને પાડી મોબાઈલથી મોકલતી હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે જયારે તેના પિયરમાં જતી હતી ત્યારે જુદા જુદા વસ્ત્રો પહેરી તેના ફોટા પાડી ગોવીંદભાઈને મોબાઈલથી તે ફોટા મોકલતી હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેની બેનની છોકરીનુ વેવીશાળ હતુ તે વખતે પાડેલા ફોટા તેણે

ગોવીંદભાઈને મોબાઈલ ફોનથી મોકલેલા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બાથરુમમાં નિર્વસ્ત્ર થઈ તેણે તેના ફોટા પાડી તે ફોટા મોબાઈલ મારફતે તેણે ગોવીંદભાઈને મોકલેલા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણે તેના જેટલા ફોટા ગોવીંદભાઈને મોકલેલા તેમાંથી કોઈ ફોટો અન્ય કોઈને મોકલેલો નહી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગોવીંદભાઈના ઘરે તે જતી હતી ત્યારે ગોવીંદભાઈ તેને પૈસા પણ વાપરવા આપતા હતા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેની બેનની દિકરીના વેવીશાળ વખતે ગોવીંદભાઈએ તા.૨૭/૫/૧૯ ના રોજ તેને રૂા.૨૦,૦૦૦/- રોકડા આપેલા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બે મહીના બાદ તેણે ગોવીંદભાઈ પાસેથી રૂા.૫૦,૦૦૦/- ની માંગણી કરેલી પરંતુ તે પૈસા આપવાની ના પાડેલી જેથી તેને ગોવીંદભાઈ સાથે જીભાજોડી થયેલી અને તેણે ગોવીંદભાઈને કેસ કરવાની ધમકી આપેલી. **વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેના તથા ગોવીંદભાઈ વચ્ચે પ્રેમ સંબંધ છે તેવી તેના તથા ગોવીંદભાઈના કુટુંબીજનોને ખબર પડેલી**. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પો.સ્ટે.માં જતા પહેલા તેઓ સૌ ભેગા થયેલા અને ફરીયાદ કરવાનુ નકકી કરી તેઓ સૌ પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલા. વધુમાં, જણાવેલ છે કે, પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા તેની સાથે તેના પતિ તથા તેનો ભાઈ હતા. ફરીયાદ તેણે નોંધાવેલી. પોલીસે જયારે ફરીયાદ લખેલી ત્યારે તેના પતિ તથા તેનો ભાઈ સાથે હતા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફરીયાદ વાંચી સંભળાવેલી ત્યારે તેનો ભાઈ ચાલ્યો ગયેલ હતો અને તેના પતિ હાજર હતા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ લખ્યા બાદ તેને સહી કરવાનુ કહેતા તેણે તેમાં સહી કરી આપેલી. વધુમાં, જણાવેલ છે કે, ફરીયાદ લખાવ્યા બાદ પોલીસ કયારેય તેના ઘરે આવેલ નથી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે , તેણે તેની ફરીયાદમાં એવુ લખાવેલુ કે, ''ચારેક મહીના પહેલા આ ગોવીંદ ચુડાસમાએ તેને ફોન

કરેલો અને કહેલ કે, મારે તારુ કામ છે આપડે મળવું છે. તુ આઝાદનગરમાં ભરવાડની દુકાન સામે ઉભી રહે તેમ વાત કરેલ. જે તે સમયે મારે તેની સાથે સારા સંબંધ હોય જેથી હું આઝાદનગરમાં ભરવાડની દુકાનની સામે ગયેલ હતી. તેવામાં ગોવિંદ ત્યાં આવેલો અને મને આઝાદનગરમાં આવેલ અશોકભાઈ મિસ્ત્રીના મકાને લઈ ગયેલ. તે મકાને કોઈ હાજર ન હતુ. હું અને ગોવિંદ બંન્ને હોઈ, ગોવિંદે મને કહેલ કે મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે, અમો એકબીજા સાથે વાતચીત કરતા હોય અને અમારા સારા સંબંધ હોય, જેના કારણે તેને વશ થયેલ અને અમો બંન્નેએ શરીર સંબંધ બાંધેલો.'' વધુમાં, ફરિયાદીએ સ્વૈચ્છાએ જણાવે છે કે, તે વખતે તેની મરજી વગર સંબંધ બાંધેલ. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, અશોક મિસ્ત્રીના ઘરે તે તેની રાજીખુશીથી ગયેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અશોકભાઈ મિસ્ત્રીના ઘરે આરોપી તથા તેણે જે શરીર સંબંધ બાંધેલો તે પહેલવહેલી વાર બાંધેલો. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગોવીંદભાઈ ભાવનગરમાં જયાં રહેતા હતા ત્યાં અને તે ભાવનગરમાં જયાં રહે છે ત્યાં આજુબાજુમાં રહેણાંકી વિસ્તાર છે. **વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે તેની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, આરોપીએ તેના ફોનમાં તેના ફોટા પાડી લીધેલા.** વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે તેની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''આરોપીના દોસ્તારો તેને હેરાન કરતા હતા.'' અને ઘરમાં ખબર પડતા તેણે આરોપી સાથે વાતચિત બંધ કરી દીધેલી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણે તેની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''તુ મારી સાથે શરીર સંબંધ બાંધ પછી હું તારા ફોટા ડીલીટ કરી દઈશ.'' વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેની અને આરોપી વચ્ચે પૈસાની લેતી દેતી બાબતે વાંધો પડેલ છે. **વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેને આરોપી સાથે મોબાઈલના માધ્યમથી ગાઢ સંબંધ થઈ ગયેલ હતો.** વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી ગોવીંદ તેને પૈસા આપી શકેલ ન હોવાથી તેણે હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે.

**(૧૦.૨)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે ભોગ બનનારના ભાઈને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેણે તેની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગ બનનાર તેની બેન ભાવનગર, સીંધુનગર ખાતે તેના પતિ સાથે રહેતી હતી અને તે તેમના ગામડે રબારીકા ખાતે રહેતો હતો અને હાલમાં પણ તે ત્યાં જ રહે છે અને ભોગ બનનારના પતિ હીરામાં છુટક મજુરી કામ કરે છે. વધુમાં, જણાવેલ છે કે, ભોગ બનનાર તેની બેન સાથે બળાત્કારનો બનાવ બનેલો, ભોગ બનનાર તેની બેનનો તેના ઉપર ફોન આવેલો કે ''મારી સાથે બળાત્કારનો બનાવ બનેલ છે તમે ભાવનગર આવો'', જેથી તે ભાવનગર આવેલો અને તે ભોગ બનનાર તેની બેનને મળેલો અને તેની બેને જણાવેલ કે, તેણી સાથે એક ઈસમે બળાત્કાર કરેલ છે પરંતુ તેનુ નામ તેને યાદ આવતુ નથી પરંતુ તે કોર્ટમાં આરોપી તરીકે હાજર છે તે જ હોવાનું જણાવે છે. વધુમાં, જણાવેલ છે કે, ભોગ બનનાર તેની બેન આરોપી સાથે ફોન ધ્વારા પરિચયમાં આવેલી અને ફોન પર તેઓની વાતચીત થતી હતી અને પછી તેઓની મુલાકાત થયેલી. આરોપી પાસે ભોગ બનનાર તેની બેનના ફોટો અને વીડીયો હતા જે વાઈરલ કરવાની ધમકી આપતો હતો અને ભોગ બનનારને કહેતો હતો કે, ''તમે મારી સાથે સંબંધ નહીં બનાવો તો હું ફોટા અને વીડીયો વાઈરલ કરી દઈશ.'' વધુમાં, જણાવેલ છે કે, આ આરોપીએ ભોગ બનનાર તેની બેન ઉપર બળાત્કાર કરેલો. કઈ જગ્યાએ બનાવ બનેલો તે બાબતે ભોગ બનનાર તેની બેને કંઈ જણાવેલ નહી. વધુમાં, જણાવેલ છે કે, આરોપીનું નામ ગોવીંદ છે જે કોર્ટમાં હાજર છે તે જ હોવાનું ઓળખી બતાવે છે. વધુમાં, જણાવેલ છે કે, આ પછી તે ભોગ બનનાર તેની બેન સાથે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલો અને ભોગ બનનાર તેની બેને ફરીયાદ આપેલી અને પોલીસે તેનું નિવેદન લીધેલ.

**(૧૦.3)** ત્યારબાદ આ સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તેની

સૌથી નાની બેન છે અને ભોગ બનનારનુ સાસરુ ભાવનગર ખાતે છે અને તે ભોગ બનનાર તેની બેનના ભાવનગર ઘરે વાર તહેવારે જ જતો હતો. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપીના પ્રેમ સંબંધની જાણ તેઓ મંદિરે દર્શન કરવા જતા હતા તે વખતે આરોપી ગોવીંદભાઈનો ફોન આવતા અને તે ફોન ઉપાડતા તેમને થયેલી. **વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલ તે વખતે આરોપી તેના સારવદર ગામે રહેતા હતા અને આ પછી ભોગ બનનારે આરોપી ગોવીંદભાઈને સારવદર ગામેથી ભાવનગર બોલાવી લીધેલા.** વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પો.સ્ટે. ફરીયાદ કરવા ગયેલા તે વખતે ભોગ બનનારના પતિ તથા ભોગ બનનારની અન્ય બહેનો એમ બધા સાથે ગયેલા. ફરીયાદ કરતા પહેલા ફરીયાદ શું કરવી તેની તેઓએ સલાહ લીધેલી નહી. તેમની સાથે કોઈ ત્રાહિત વ્યકિત હતો નહી. ફરીયાદ ભોગ બનનાર તેની બેને લખાવેલી. ફરીયાદ લખવામાં આવેલી તે સમયે તે પો.સ્ટે.ની અંદર ગયેલો નહી. ફરીયાદ લખાવી દીધા પછી તેઓ બધા સાથે ઘરે ગયેલા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ લખાઈ ગયા પછી તે પણ પો.સ્ટે.ની અંદર ગયેલો નહી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ પછી પોલીસ તેના ગામે આવેલ નથી અને પોલીસે તેને પો.સ્ટે. બોલાવેલ નથી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેની બેને તેને એવુ જણાવેલ કે, ''આરોપી મારી પાસેથી ખોટી રીતે પૈસા માંગે છે.'' ગોવીંદભાઈએ અગાઉ રૂા.૨૦,૦૦૦/– ઉધાર ભોગ બનનાર તેની બેનને આપેલા કે કેમ તેની તેને ખબર નથી. તેની બેને અગાઉ રૂા.૫૦,૦૦૦/– ગોવીંદભાઈ પાસે માંગેલા કે કેમ ? તેની તેને ખબર નથી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીએ ૫૦ હજાર ઉધાર આપવાની ના પાડતા ધમકી આપી ખોટો કેસ કરેલ છે. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેના બેનના ખોટા કેસને સમર્થન આપવા તે ખોટી જુબાની આપે છે.

**(૧૦.૪)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે ભોગ બનનારની બહેનને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેણે તેની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગ બનનાર તેની બેન સીંધુનગર રહે છે. તેની ભોગ બનનાર બેન સાથે તેને કોઈ વાતચીત થયેલ નથી અને તેણીએ તેને કશુ જણાવેલ નથી અને પોલીસે તેની કોઈ પુછરપછ કરેલ નથી. વધુમાં, જણાવેલ છે કે, ભોગ બનનાર તેની બેન સાથે કોઈ બનાવ બનેલ હોય અને તેણીએ તેને તે બાબતે કોઈ વાત કરેલ હોય તેવુ બનેલ નથી. ભોગ બનનાર તેની બેન સીંધુનગરમાં જયાં રહેતી હતી તેની આજુબાજુમાં કોણ રહેતુ હતુ તેની તેને ખબર નથી. આમ, સદર સાહેદે તેની સરતપાસમાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય, સદર સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી, તેની ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તેની બેનને સાતમ આઠમ ઉપર કોઈ અજાણ્યા નંબર પરથી ફોન આવેલો અને તેણે ભોગ બનનાર તેની બેન સાથે વાતચીત કરેલી. ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સંબંધમાં તેને કોઈ જાણકારી નથી.

**(૧૦.૫)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે ભોગ બનનારના પતિને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેણે તેની સરતપાસમાં જણાવેલ છે કે, ભોગ બનનાર તેની પત્નિ થાય છે, તેણીએ તેને જણાવેલ કે, ''મારે ફોનમાં ભુલ થઈ ગયેલ છે, હું ગોવીંદ નામના છોકરા સાથે ફોનમાં વાત કરતી, અને ગોવીંદ સાથે ફોટા પડાવ્યા છે,'' જેથી તેને જણાવેલ કે, ''મારી ભુલ થઈ છે તે જતી કરો'', જેથી તેણે ભોગ બનનારની ભુલ જતી કરેલી, પછી બે ત્રણ મહીના કંઈ બનેલુ નહી. ત્યારબાદ આ ગોવીંદે તેના ફોનમાં તેની પત્નિ ભોગ બનનારના ખરાબ ખરાબ ફોટા અને વીડીયો તેને તેના ફોનના વોટસએપમાં મોકલેલા, ગોવીંદ એવુ સમજતો હતો કે, તેને આવા ફોટા મોકલવાથી તે ભોગ

બનનારને છુટાછેડા આપી દેશે, પરંતુ તેને બે નાના બાળકો હતા જેથી તેણે આવુ કરેલ નહી. ત્યારબાદ ગોવીંદના મિત્રોના ફોન પણ તેના ફોનમાં આવતા અને તેને ધમકી આપતા. જેથી તે અને તેની પત્નિ ઘોઘા રોડ પો.સ્ટે.માં આ ગોવીંદ વિરુધ્ધ ફરીયાદ કરવા ગયેલા અને તેની પત્નિએ ફરીયાદ આપેલી અને પોલીસે તેનો જવાબ લીધેલો. વધુમાં, આ સાહેદે આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

(૧૦.૬) ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણે તેની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપીના પ્રેમ સંબંધની જાણ તેને ફરીયાદ નોંધાવ્યાના પંદર દિવસ પહેલા થયેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર અને આરોપી કયારે અને કયાં મળતા તેની તેને ખબર નથી. વધુમાં, જણાવેલ છે કે, ભોગ બનનાર તથા આરોપી વચ્ચેના પ્રેમ સંબંધની જાણ તેણે તેના સાળાને ફોનથી જણાવેલ. ફરીયાદ કરવા માટે તે, ભોગ બનનાર, તેના સાળા, તેમજ તેની બે બહેનો ગયેલ હતા. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવની વાત ફરીયાદ કરતા પહેલા તેણે તથા તેની પત્નિએ પોલીસને હકીકત સમજાવેલી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેની પત્નિએ ફરીયાદ લખાવી ત્યારે તે પો.સ્ટે.માં હાજર હતો. વધુમાં, આ અંગે સ્વૈચ્છાએ જણાવેલ છે કે, તે પો.સ્ટે.ની બહાર હતો. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદ લખાઈ ગયા પછી તે અને તેના પત્નિ ઘરે પરત ચાલ્યા ગયેલા. વધુમાં, જણાવેલ છે કે, ફરીયાદ લખાયા પછી તે, તે દિવસે પો.સ્ટે.ની અંદર ગયેલો ત્યારે શું બનાવ બનેલો છે, તેવુ પોલીસે તેને પુછેલુ. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે દિવસ પછી બીજા દિવસે પોલીસ તેના ઘરે આવેલી નહી અને તેને પણ પોલીસ સ્ટેશને જવાનુ થયેલ નહી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''ગોવીંદના મિત્રોના ફોન પણ મારા ફોનમાં આવતા અને

મને ધમકી આપતા.'' વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદી તેની પત્નિ થતા હોઈ તેમને સમર્થન આપવા તે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૦.૭)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે ડો. અદિતી વિઠ્ઠલને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૬/૬/૨૦૧૯ ના રોજ તે સર ટી. હોસ્પીટલ, ભાવનગર ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે તેની ફરજ ઉપર હાજર હતી તે દરમિયાન સાંજના ૬–૩૦ વાગે પી.આઈ., ઘોઘા રોડ પો.સ્ટે.ની યાદી સાથે લેડીઝ પો.કોન્સ. ભાવનાબેન ચુડાસમા, બકલ નં.–૧૨૦૯ વાળા ભોગ બનનાર, ઉ.વ. ૨૮, રહે. સિંધુનગર, ભાવનગરવાળાને તેની પાસે મેડીકલ તપાસણી અર્થે લાવેલ. વધુમાં, આ સાહેદની જુબાની દરમિયાન ફરિયાદપક્ષે સદર યાદી આંક–૪૦ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારને તેમની પાસે લાવ્યા બાદ તેમની મેડીકલ તપાસ કરતા, તેઓ સભાન અવસ્થામાં હતા તેમજ તેઓ સમય અને જગ્યાનુ ભાન ધરાવતા હતા, તેઓના શરીરની બાહ્ય તપાસણી કરતા કોઈપણ જાતની ઈજા માલુમ પડેલ નહી, જેઓના વાઈટલ્સ નોર્મલ હતા. વધુમાં, જણાવેલ છે કે, ભોગ બનનારને હીસ્ટ્રી પુછતા તેણીએ જાતે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''હુ ભોગ બનનાર ગોવિંદ મનજીભાઈ ચુડાસમા, ઉ.વ.૩૧ સાગવદરના રહેવાસી, હીરા ઘસવાનુ કામ કરે છે તેની સાથે એક વર્ષથી ફોન પર વાત થતી હતી પછી એકબીજાને ફોટા મોકલતા હતા પછી મને ફોટા ઘરના સભ્યોને મોકલી દેવાની ધમકી આપીને જબરજસ્તીથી પોતાના ઘરે મારી મરજી વિરુધ્ધ શારીરિક સંબંધ કરેલ. આવો બનાવ પાંચથી છ વાર બનેલ છે. છેલ્લે બેએક મહીના પહેલા સંબંધ કરેલ છે. આ દરમિયાન કોઈ સાધનનો વપરાશ કર્યો ન હતો. પછી નાહીને કપડા બદલેલ છે.'' વધુમાં, જણાવેલ છે કે, ભોગ બનનારનુ છેલ્લુ માસિક તા.૭/૭/૧૯ ના રોજ આવેલુ, માસિક નિયમીત રીતે આવતુ હતુ, તેણીને બે બાળકો છે જે નોર્મલ ડીલીવરી વડે થયેલા

છે અને પછી બાળક બંધ કરવાનુ ઓપરેશન કરાવ્યુ છે. વધુમાં, જણાવેલ છે કે, તેણીના ગુપ્ત ભાગની તપાસ કરતા ઉપરની બાજુ કોઈ ઈજાનુ નીશાન ન હતુ, કેરેન્કયુલે માઈટ્રીફોરમીસ હાઈમેન ડીલીવરી પછીની સ્થિતીમાં હોય તેવુ હતુ. વધુમાં, જણાવેલ છે કે, તેના અભિપ્રાય મુજબ ભોગ બનનાર સાથે સંભોગ થયો છે તેવી શકયતા નકારી શકાય નહી. વધુમાં, ફરિયાદપક્ષ ધ્વારા આ સાહેદની જુબાની દરમિયાન માર્ક–૬/૧૧ નું એમ.એલ.સી. સર્ટી. આંક–૪૧ થી રજુ કરવામાં આવેલ છે.

(૧૦.૮) ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૪૧ વાળા મેડીકલ સર્ટિ. માં ભોગ બનનારની ઉંમરમાં ૧૮ વર્ષ લખેલ છે તેમાં એકડા ઉપર બે કરેલ છે. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે ભોગ બનનારની હિસ્ટ્રીમાં તેણીની ઉંમર ૩૦ વર્ષ લખેલ છે. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે પેશન્ટની તપાસણી કરી ત્યારે તેણીનુ બી.પી., પલ્સ વગેરે નોર્મલ હતા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે ભોગ બનનારની ગાયનેક તપાસણી કરેલ જેમાં ભોગ બનનારના ગુપ્ત ભાગે કે આંતરીક ભાગોમાં કોઈ ઈજાના નિશાન જોવા મળેલા નહી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી મુજબ તેણી બે બાળકોની માતા હોવાની હકીકત ખુલતી હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી મુજબ તેઓ એકબીજા ફોન ઉપર વાતચીત કરતા અને ફોટાની આપ–લે કરતા તેવી હકીકત ખુલતી હતી. વધુમાં, જણાવેલ છે કે, સામાન્ય રીતે કોઈ સ્ત્રી સાથે જબરજસ્તીથી શરીર સંબંધ બાંધવામાં આવે તો તેનો પ્રતિકાર કરતા સ્ત્રીના શરીરના ભાગે ઈજા કે ઉઝરડાના નિશાન આવે. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી ભોગ બનનારે નહી પરંતુ તેની સાથે આવેલ તેના સંબંધીઓએ લખાવેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી

તેના કેસ પેપર્સમાં લખેલ છે તે સાચી છે કે ખોટી તે, તે કહી શકે નહી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર સાથે બળાત્કાર થયેલ છે કે કેમ ? તે તે ચોકકસપણે કહી શકે નહી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર પરિણિત મહિલા હતી અને તેને બે બાળકો છે તેથી સ્વાભાવિકપણે તેણી શરીર સંબંધ બાંધવા ટેવાયેલી હોય. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવમાં ભોગ બનનારની હિસ્ટ્રી પોલીસના અને ભોગ બનનારના સગાઓના કહેવાથી તેણે નોંધી લીધેલી.

**(૧૦.૯)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે ડો. આશિષ બટુકપર્વત ગોસાઈને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૬/૭/૨૦૧૯ ના રોજ તે સર ટી હોસ્પિટલ, ભાવનગર ખાતે તાત્કાલીક સારવાર વિભાગમાં મેડીકલ ઓફિસર તરીકે હાજર હતો ત્યારે પો.કોન્સ., જે.ટી.ગોહિલ, બકલ નં.૯૨૦ નાઓ ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા, ઉ.વ.૨૯, ગામ : સારવદર નાઓને ઘોઘા રોડ પોલીસ સ્ટેશનની યાદી સાથે તેની સમક્ષ તપાસ અર્થે તથા મેડીકલ સેમ્પલો લેવા માટે લાવેલા. વધુમાં, જણાવેલ છે કે, તેણે સદર દર્દીની મેડીકલ તપાસણી કરતા પહેલા તેની ઓળખ કરી તપાસ અને સેમ્પલની વિગત સમજાવીને પો.કોન્સ. ની હાજરીમા લેખીત અને મૌખીક સંમતી લીધેલી, સંમતી મળતા તેમને તપાસતા તેમના વાઈટલ્સ સામાન્ય હતા, તેમના ડાબા પગે 'જયપુર ફુટ' ના પ્રોસ્ટેટીક સાથે હતા, તેમના ગૌણ જાતીય અવયવો સમાન્ય હતા, તેમના વૃષણ અને પ્રાઈવેટ પાર્ટ સામાન્ય હતા. વધુમાં, જણાવેલ છે કે, દર્દીને પુછતા તેણે શિશ્નોત્થાન તથા નિંદ્રાપતનની હકીકત જણાવેલી, દર્દીને શરીર ઉપર કે ગુપ્ત ભાગ ઉપર કોઈપણ જાતની ઈજા જણાયેલ ન હતી. વધુમાં, જણાવેલ છે કે, દર્દીને પુછતા તેણે જાતે હિસ્ટ્રી જણાવેલ કે, ''મારુ નામ ગોવિંદ છે. સારવદર રહુ છુ અને ભોગ બનનાર જે ભાવનગર રહે છે તેને અંદાજે એક વર્ષથી ઓળખુ છુ. ફોન ઉપર વાત કરતા પરીચય થયેલો. છેલ્લા છ મહીનાથી તેની સાથે તેની

મરજી અને સંમતિથી અવારનવાર અનેક વખત રામમંત્ર મંદિર પાસેના મારા રૂમે શરીર સંબંધ બાંધેલ છે. છેલ્લો શરીર સંબંધ મારા રૂમે તા.૫/૬/૧૯ ના રોજ બપોરે તેની મરજીથી બાંધેલ હતો. સંબંધ પછી અમે બંનેએ નાહીને કપડા બદલાવેલ હતા.'' વધુમાં, જણાવેલ છે કે, માગેલ યાદી મુજબના નમુનાઓ અનુક્રમે લોહી (બે વેકયુટીમાં), લાળ, ગુપ્ત ભાગના વાળ, નખ, વીર્યના સેમ્પલો લઈ લેબલ કરી, સીલ કરી ફોરવર્ડિંગ સાથે હાજર પોલીસ કોન્સ્ટેબલને સોંપી આપેલ હતા. વધુમાં, જણાવેલ છે કે, તેણે દર્દીની મેડીકલ તપાસણી કરી નમુના લઈ મેડીકલ સર્ટિ. ઈસ્યુ કરેલુ જે માર્ક–૬/૯ વાળુ મેડીકલ સર્ટિ. તેને બતાવવામાં આવતા તે તેના હસ્તાક્ષમાં હોવાનું અને તેમાં તેની સહી તથા હોદ્દો બાંધેલ હોવાનું ઓળખી બતાવતા આંક–૪૪ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં, જણાવેલ છે કે, તેને આરોપીની મેડીકલ તપાસણી કરી નમુના લેવા પોલીસ તરફથી યાદી આપવામાં આવેલી, જે માર્ક–૬/૮ વાળી યાદી બતાવવામાં આવતા તેમાં મળ્યા બદલ તેની સહી ઓળખી બતાવી આંક–૪૫ થી રજુ કરેલ છે. વધુમાં, સદર ડોકટરશ્રીએ તેમની જુબાની દરમિયાન એફ.એસ.એલ., જુનાગઢને તેણે લખેલ સેમ્પલ ઓફ સીલનો પત્ર આંક–૪૬ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને તેની પાસે પોલીસ યાદી સાથે લાવવામાં આવેલા. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ યાદીમાં કેસની ટુંકી હકીકત લખેલ હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દીના શરીરે જોતા કોઈ બાહય કે આંતરીક ઈજાના નિશાન જોવા મળેલા નહી. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, દર્દીએ તેને કોઈ હિસ્ટ્રી લખાવેલ નહી પરંતુ તેણે પોલીસ યાદી મુજબ તેની જાતે હિસ્ટ્રી લખી લીધેલી.

**(૧૦.૧૦)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષે આંક–૨૨ થી પંચ સાહેદ હનીફભાઈ બચુભાઈ

મુસાણીને આંક–૨૩ ના ગુન્હાવાળી જગ્યાના પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. તે જ રીતે આંક–૨૫ થી પંચ જતીનકુમાર જેન્તીભાઈ ધંધુકીયાને તથા આંક–૨૮ થી પંચ સાહેદ મેહુલભાઈ પ્રેમજીભાઈ ચૌહાણને આંક–૨૬ ના ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેના પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. તેમજ આંક–૨૯ થી પંચ દીપકભાઈ ઘનશ્યામભાઈ પટેલને તથા આંક–૩૨ થી પંચ સાહેદ ઈશ્વરભાઈ રણછોડભાઈ પરમારને આંક–૩૦ ના આરોપીના અટક તથા બનાવ સમયે પહેરેલ કપડા તથા મોબાઈલ કબજે કર્યા અંગેના પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. તેમજ આંક–૩૩ થી પંચ સાહેદ ગ્યાનભાઈ સેવારામભાઈ રાજાઈને તથા આંક–૩૫ થી પંચ સાહેદ વિનુભાઈ રામજીભાઈ ચૌહાણને આંક–૩૪ ના ભોગ બનનારના સેમ્પલ કબજે કર્યા અંગેના પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. તેમજ આંક–૩૬ થી પંચ સાહેદ આકાશભાઈ શીવજીભાઈ ચૌહાણને તથા આંક–૩૮ થી પંચ સાહેદ ભાવેશભાઈ સુરેશભાઈ સોલંકીને આંક–૩૭ ના આરોપીના મેડીકલ સેમ્પલો કબજે કર્યા અંગેના પંચનામા અંગે તપાસવામાં આવેલ છે. પરંતુ સદર તમામ પંચ સાહેદોની જુબાની ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, જે તે પંચ સાહેદોએ તેમની સરતપાસમાં જે તે પંચનામામાં તેમની સહી હોવા સિવાયની, જે તે પંચનામાની મહત્વની કોઈ હકીકતોને સમર્થન ન આપતાં, તે તમામ પંચ સાહેદોને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તે તમામ પંચ સાહેદોની ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી ધ્વારા જે તે પંચનામાની વિગતે ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતાં, સદર પંચ સાહેદોએ તેમની ફરિયાદપક્ષેની ઉલટતપાસમાં પણ જે તે પંચનામાઓની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ ધ્વારા જે તે પંચ સાહેદોની જુબાની થકી ફરિયાદપક્ષે રજુ થયેલ આંક–૨૩, આંક–૨૬, આંક–૩૦, આંક–૩૪, આંક–૩૭ ના પંચનામાઓની હકીકતો નિ:શંકપણે રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ નથી.

**(૧૦.૧૧)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષે પી.એસ.ઓ. ધનસુખરાય વિનોદરાય

પટેલને આંક–૪૭ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં, તેઓએ તેની સરતપાસમાં, તેઓને તા.૨૬/૭/૨૦૧૯ ના રોજ પી.આઈ. રુબરુની ફરીયાદ ગુનો રજી. થવા માટે આવતા તેણે ગુનો રજીસ્ટર કરી, આગળની તપાસ પી.આઈ. જી.કે.ઈશરાણીને સોંપી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, આ સાહેદની જુબાની દરમિયાન ફરિયાદપક્ષે સ્ટેશન ડાયરીની ખરી નકલ આંક–૪૮ થી તથા તપાસનો હુકમ આંક–૪૯ થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર પી.એસ.ઓ.ની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, આ સાહેદે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે ફરીયાદ આધારે ગુનો રજી. કરી તપાસ સોંપી આપેલી, તે સિવાય કોઈ કાર્યવાહી કરેલ નથી અને તે ફરીયાદ હકીકત વિશે કાંઈ કહી શકે નહી.

**(૧૦.૧૨)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષે આંક–૫૦ થી ત.ક.અ. ઘનશ્યામદાન ખોડીદાન ઈશરાણીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં, તેઓએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ ફરિયાદીની ફરિયાદ તેમના રુબરુ લખી લીધેલી અને ત્યારબાદ ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને આપેલ અને તેઓને સદર ગુન્હાની તપાસ સોંપવામાં આવતા તેણે તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા ભોગ બનનારના બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું તથા આરોપીનું અટક કર્યાનું તથા આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તથા મોબાઈલ તપાસના કામે કબજે કરેલ તે અંગેનું પંચનામું તથા ભોગ બનનારના મેડીકલ સેમ્પલો તથા આરોપીના મેડીકલ સેમ્પલો પંચો રુબરુ કબજે કરેલા તે અંગેના પંચનામાઓ કરેલ છે. વધુમાં, જણાવેલ છે કે, તેણે તપાસના કામે આરોપીની મેડીકલ તપાસણી કરી નમુના લેવા આંક–૪૫ ની યાદી કરેલી તથા ભોગ બનનારની મેડીકલ તપાસણી કરી નમુના લેવા આંક–૪૦ થી યાદી કરેલી. વધુમાં, જણાવેલ છે કે, તેણે તપાસના કામે ફરિયાદીની બહેનનું

નિવેદન લીધેલું. વધુમાં, આ સાહેદે તેની જુબાની દરમિયાન સદર સાહેદના પોલીસ રુબરુના નિવેદનની હકીકતો જણાવેલ છે. વધુમાં, આ સાહેદે તેની જુબાની દરમિયાન આરોપીને ઓળખી બતાવેલ છે.

**(૧૦.૧૩)** ત્યારબાદ આ તપાસ કરનાર અધિકારીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામની ફરીયાદ તેણે લીધેલી અને આ કામની તપાસ પણ તેણે જ કરેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેની તપાસ દરમિયાન આરોપી અને ભોગ બનનાર મોબાઈલના માધ્યમથી મળેલા અને ભેગા થયેલાની હકીકત તથા ભોગ બનનાર પરીણિત હતા અને બે બાળકોની માતા હોવાની હકીકત તથા આરોપી પરીણિત હતો અને વિધુર હોવાની હકીકત તથા આરોપીનો ડાબો પગ સાથળના ભાગેથી કપાયેલો હતો તથા આરોપી અને ભોગ બનનાર ટોપ થ્રી સિનેમા પાસે ભેગા થયેલા અને બંને જણા ફિલ્મ જોવા ગયેલાની હકીકત તથા આરોપી ભોગ બનનારને જયારે જયારે બોલાવતા ત્યારે ભોગ બનનાર જતા અને બને એકબીજાના ફોટા શેર કરતા તેવી હકીકતો ખુલેલી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ તેની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ છે કે, ''આજથી આશરે ચારેક મહિના પહેલા ગોવિંદ ચુડાસમાએ મને ફોન કરેલો અને કહેલ કે, મારે તારુ કામ છે, આપણે મળવુ છે, તુ આઝાદનગરમાં ભરવાડની દુકાન સામે ઉભી રહે તેમ વાત કરેલ. જે તે સમયે મારે તેની સાથે સંબંધ સારા હોય જેથી હુ આઝાદનગરમાં ભરવાડની દુકાનની સામે ગયેલ હતી તેવામાં ગોવિંદ ત્યાં આવેલો અને મને આઝાદનગરમાં આવેલ અશોકભાઈ મિસ્ત્રીના મકાને લઈ ગયેલ. તે મકાને કોઈ હાજર ન હતુ. હુ અને ગોવિંદ બંને હોય, ગોવિંદે મને કહેલ કે, મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે. અમો એકબીજા સાથે વાતચીત કરતા હોય અને અમારા સંબંધ સારા હોય જેના કારણે તેને વશ થયેલ અને અમો બંનેએ શરીર સંબંધ બાંધેલ હતો.'' વધુમાં,

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે ફરીયાદી/ભોગ બનનાર ના ભાઈનુ નિવેદન લીધેલુ અને તેના નિવેદન પરથી એવી હકીકત ખુલેલી કે, આરોપી અને ભોગ બનનાર બંને ટોપ થ્રી ભેગા થયેલા અને સાથે પિકચર જોવા ગયેલા અને આરોપી અને ભોગ બનનારને સારા સંબંધો હોય જેથી તેઓ બંનેએ શરીર સંબંધ બાંધેલો. વધુમાં, જણાવેલ છે કે, તેણે ફરિયાદીના બહેનનુ નિવેદન લીધેલુ અને તેના નિવેદન પરથી એવી હકીકત ખુલતી હતી કે, ભોગ બનનાર અને આરોપીને સારા સંબંધ હોય, અવારનવાર ફોન પર વાતો કરતા અને એકબીજાના ફોટા શેર કરતા અને ભોગ બનનાર અને આરોપીને સારા સંબંધ હોય, તેઓએ શારીરીક સંબંધ બાંધેલો. વધુમાં, જણાવેલ છે કે, તેણે ભોગ બનનારના પતિનુ નિવેદન લીધેલુ અને તેના નિવેદનમાં એ હકીકત ખુલેલી કે, આરોપી અને ભોગ બનનાર બંને ટોપ થ્રી ભેગા થયેલા અને સાથે પિકચર જોવા ગયેલા અને આરોપી જયારે ફરીયાદી/ભોગ બનનારને બોલાવતા ત્યારે ભોગ બનનાર તેમને મળવા જતા અને એકબીજાના ફોટા ફોન ઉપર શેર કરતા અને ફોન ઉપર સારી રીતે વાતોચીતો કરતા અને ભોગ બનનાર અને આરોપીને સારા સંબંધ હોય, તેઓએ અશોકભાઈ મિસ્ત્રીના મકાને શારીરીક સંબંધ બાંધેલો. વધુમાં, એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેણે સાહેદોના નિવેદનો તેની જાતે ફરીયાદને અનુરૂપ તૈયાર કરી લીધેલા અને આ કામે કરેલ પંચનામા કેસને અનુરૂપ જાતે તૈયાર કરી પાછળથી તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલી.

**(૧૦.૧૪)** વધુમાં, આ કામે ફરિયાદપક્ષ તર્ફે ત.ક.અ. અનીલભાઈ પ્રભુભાઈ સલૈયાને આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓને આ ગુનાની તપાસ મળતા તેણે એફ.આઈ.આર.માં ઈ.પી.કો. કલમ–૩૭૬, ૫૦૬(૨) મુજબનો કલમ ઉમેરો કરવા નામદાર કોર્ટમાં રિપોર્ટ કરેલો અને ગુનાના કામે ભોગ બનનારનુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નુ નિવેદન લેવડાવી

તપાસના કામે સામેલ રાખેલ અને તપાસના કામે કબજે કરેલ તમામ મુદ્દામાલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. માં મોકલી આપેલ અને ભોગ બનનાર તેમજ આરોપીના સારવાર સર્ટિ. આવી જતા તપાસના કામે સામેલ રાખેલા અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા આધારે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. વધુમાં, ફરિયાદપક્ષે આ સાહેદની જુબાની દરમિયાન આંક–પર થી આંક–પપ ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ સાહેદે તેની આરોપીપક્ષેની ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરુધ્ધ કોઈ ગુનો બનતો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલું.

**(૧૧.૦)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું તથા ખાસ કરીને ફરિયાદીની આંક–૧૩ ની જુબાની તથા તેની જુબાનીમાં રજુ થયેલ આંક–૧૪ ની ફરિયાદ તથા આંક–૧૫ ના સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબના નિવેદનની વિગતોનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો સર્વપ્રથમ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના ફરિયાદી અને આરોપી વચ્ચે ઓળખાણ અને મિત્રતા ફોનના માધ્યમથી થયેલ એક જુનો મોબાઈલ તેને આરોપીએ પણ અપાવેલ હતો. ત્યારબાદ તેઓ સર્વ પ્રથમ ટોપ–થ્રી સર્કલે મળેલ હતા અને પીકચર જોવા ગયેલ હતા અને ત્યારબાદ પણ આરોપી ફરિયાદીને બોલાવતો ત્યારે ફરિયાદી તેને મળવા જતી હતી અને ત્યારબાદ તેઓ એકબીજાને ફોન ઉપર એકબીજાના ફોટા શેર કરતા હતા અને સારી રીતે ફોન ઉપર વાતોચીતો કરતા હતા.

**(૧૧.૧)** વધુમાં, ફરિયાદીની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદીએ તેની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણ વર્ષ પહેલા બનેલો અને આરોપી તેને બ્લેકમેઈલ કરતો હતો, તેના ફોટા તેની પાસે હતા, પહેલા તે તેની સાથે ફોનમાં વાતો કરતી હતી અને તેમને વાતચિતનો સંબંધ હતો તે દરમ્યાન તેણે તેના ફોટા તેના ફોનમાં પાડી લીધેલા, તે ફોટા તે વાઈરલ કરી દેશે તેવી તેણે તેને ધમકી

આપેલી. વધુમાં, જણાવેલ છે કે, આરોપી તેને તેના ભાઈબંધ અશોકભાઈ મિસ્ત્રીના ઘરે આઝાદનગરમાં લઈ ગયેલો, તેણે તેમના એકબીજાના ફોટા પાડેલા, આ ફોટા પાડયા પછી તે તેણીને એવી ધમકી આપતો હતો કે, ''જો તુ મારી સાથે સંબંધ નહી રાખ તો હું તારા વરને જણાવી દઈશ'' આથી તેણીને તે બોલાવે ત્યા જવુ પડતુ હતુ. વધુમાં, જણાવેલ છે કે, તેણે તેણીને એવુ કહેલુ કે, ''તુ મારી સાથે શરીર સંબંધ બાંધ પછી તારા ફોટા ડીલીટ કરી નાંખીશ'' પછી તેણીએ તેની સાથે શરીર સંબંધ તેની ધમકીના કારણે બાંધેલો અને આવો શરીર સંબંધ તેણે તેણીની સાથે ત્રણ કે ચાર વખત બાંધેલો.

**(૧૧.૨)** આમ, ફરિયાદીના સરતપાસના કથનો મુજબ આરોપીએ તેના જે ફોટા પાડેલ હતા, તે વાયરલ કરી દેવાની તેણે ધમકી આપેલ હોય તથા જો ફરિયાદી તેની સાથે સંબંધ નહિં રાખે તો તે વાત તેના પતિને જણાવી દેશે તેવી ધમકી આપેલ હોય, ફરિયાદીને આરોપી બોલાવે ત્યાં જવુ પડતુ હતુ અને તે ધમકીના કારણે ફરિયાદીએ આરોપી સાથે શરીર સંબંધ બાંધેલ હતો. પરંતુ, ફરિયાદીની સરતપાસની આ હકીકતો અનુસંધાને ફરિયાદીની આરોપીપક્ષે જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં, ફરિયાદીએ પોતે તેની ઉલટતપાસમાં જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રામમંત્ર મંદિર ખાતે તેણે તથા આરોપીએ એકબીજાને જોઈ લીધા પછી આરોપીએ તેને ફોન કરી ''મારામાં કોઈ ખામી તમને દેખાણી કે કેમ'' તેવુ પુછેલ જેથી એ વખતે તેણે આરોપીને એવુ કહેલુ કે, ''મને તેમનામાં કોઈ ખામી જણાયેલ નથી'' અને તે વખતે તેને આરોપીએ એવુ પણ જણાવેલુ કે, તેનો એક પગ ખોટો છે. વધુમાં, ફરિયાદીએ તેની ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓ બંને પીકચર જોવા ગયેલા તે વખતે તેણે આરોપીને કહેલુ કે, ''મારે એક દિકરો અને એક દિકરી સંતાનમાં છે'' અને તે વખતે આરોપીએ પણ તેને જણાવેલ કે, તે પરણિત છે અને તેની પત્નિ ગુજરી ગયેલ છે અને આ રીતે પરિચય થયા પછી તેને

આરોપી સાથે બે માસના સમયગાળામાં ફોન પર વાતચિત થતી હતી. વધુમાં, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેને આરોપી સાથે મોબાઈલના માધ્યમથી ગાઢ સંબંધ થઈ ગયેલ હતો અને ઘણી વખત તેના પડોશી પંકજભાઈના મોબાઈલ ફોન પરથી વીડીયો કોલ કરી તે અને આરોપી વાતો કરતા હતા. વધુમાં, ફરિયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેની તથા ગોવીંદભાઈ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો પછી ગોવીંદભાઈ ત્રણ ચાર મહીના બાદ સારવદર ગામેથી ભાવનગર ખાતે રહેવા આવેલા અને તેઓ ભાવનગર રહેવા આવેલા ત્યારે આઝાદનગરમાં બાઘુબેનની ઓરડીમાં ભાડેથી રહેતા હતા અને આરોપીને ગોદડુ અને ઓશીકુ તે વખતે તેણે આપેલ હતુ અને તે આઝાદનગરમાં આરોપી જે ઓરડીમાં રહેતા હતા ત્યાં જતી હતી અને આરોપીને આઝાદનગર ખાતે બપોરનુ ટીફીન તે પહોંચાડતી હતી અને તે આરોપીને તેના આઝાદનગરના ઘરે ટીફીન આપવા જતી હતી ત્યારે તેના ઘરે આશરે પાંચેક મીનીટ જેટલો સમય રોકાતી હતી અને ઘણીવાર તે તેની નાની દિકરીને લઈને સાંજના સમયે આરોપીના ઘરે જતી હતી અને તે વખતે તે આરોપીના કપડા પણ ધોઈ આપતી હતી અને તે આરોપીને ટીફીન આપવા જતી હતી ત્યારે તેણે આરોપીને એવુ જણાવેલ કે, ''કોઈ મારા વિશે પુછે તો તેને એવુ જણાવવુ કે, મારા ભાભી ટીફીન આપવા આવે છે.'' વધુમાં, ફરિયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણે કુટુંબ નિયોજનનુ ઓપરેશન કરાવેલ છે અને તેની જાણ તેણે આરોપીને કરેલી હતી. વધુમાં, એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણે એક વખત આરોપીને પેન્ટ–શર્ટ લઈ આપેલ. વધુમાં, એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, એકવાર તેણે આરોપીને ફોન કરેલો પરંતુ આરોપીનો ફોન તેના મોટાભાઈ જેન્તીભાઈ પાસે હોવાથી ફોન તેમણે ઉપાડેલ અને આ જેન્તીભાઈએ આરોપી પર ફોન કરવાની ના પાડેલી. વધુમાં, ફરિયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણે તેની ફરીયાદમાં એવુ લખાવેલુ કે, ''ચારેક મહીના પહેલા આ ગોવીંદ ચુડાસમાએ તેને ફોન કરેલો અને કહેલ કે, મારે તારુ કામ છે આપડે મળવું છે.

તુ આઝાદનગરમાં ભરવાડની દુકાન સામે ઉભી રહે તેમ વાત કરેલ. જે તે સમયે મારે તેની સાથે સારા સંબંધ હોય જેથી હું આઝાદનગરમાં ભરવાડની દુકાનની સામે ગયેલ હતી. તેવામાં ગોવિંદ ત્યાં આવેલો અને મને આઝાદનગરમાં આવેલ અશોકભાઈ મિસ્ત્રીના મકાને લઈ ગયેલ. તે મકાને કોઈ હાજર ન હતુ. હું અને ગોવિંદ બંન્ને હોઈ, ગોવિંદે મને કહેલ કે મારે તારી સાથે શરીર સંબંધ બાંધવો છે, અમો એકબીજા સાથે વાતચીત કરતા હોય અને અમારા સારા સંબંધ હોય, જેના કારણે તેને વશ થયેલ અને અમો બંન્નેએ શરીર સંબંધ બાંધેલો.''

**(૧૧.૩)** આમ, ફરિયાદી ધ્વારા તેની ફરિયાદમાં તથા તેના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં તથા તેની સોગંદ પરની સરતપાસમાં આ કામના આરોપી સામે જે આક્ષેપો કરેલ છે તે અંગે ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉપરોકત ઉલટતપાસની વિગતો પરથી જ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર બનાવના અરસામાં ફરિયાદી તથા આરોપી વચ્ચે મોબાઈલના માધ્યમથી ગાઢ સંબંધ થઈ ગયેલ હતા અને તેઓ વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલ હતો અને તેના કારણે તેઓ એકબીજાને મળતા હતા અને તેમની અંગત વાતો એકબીજાને કરતા હતા. વધુમાં, એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદી તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા બાદ ત્રણ ચાર મહીના બાદ આરોપી સારવદર ગામેથી ભાવનગર ખાતે આઝાદનગરમાં ભાડેથી રહેવા માટે આવેલા હતા અને આરોપી જે ઓરડીમાં રહેતા હતા ત્યાં પણ ફરિયાદી એકલા તથા ઘણીવાર તેની દિકરી સાથે આરોપીના ઘરે તેને મળવા જતા હતા અને તેને ટીફીન સહિતની જીવન જરુરીયાતની વસ્તુઓ પહોંચાડતા હતા અને આરોપીના કપડા ધોવા વિગેરેનું કામ પણ કરી આપતા હતા અને આરોપીને કપડા પણ લઈ આપતા હતા. વધુમાં, ફરિયાદીની જુબાની પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદીના આરોપી સાથેના સદર જે પ્રેમ સંબંધો હતા તે હકીકત છુપાવવા તેણે આરોપીને એવું પણ જણાવેલ હતુ કે, ''કોઈ

મારા વિશે પુછે તો તેને એવુ જણાવવુ કે, મારા ભાભી ટીફીન આપવા આવે છે.'' વધુમાં, ફરિયાદીની ઉલટતપાસ પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, આરોપીના બોલાવવાથી અને જે તે સમયે તેને આરોપી સાથે સારા સંબંધ હોય, તેથી તે આઝાદનગરમાં ભરવાડની દુકાનની સામે ગયેલ હતી અને ત્યાં આરોપી આવતા તેઓ આઝાદનગરમાં આવેલ અશોકભાઈ મિસ્ત્રીના મકાને ગયેલ હતા અને તે વખતે તે મકાનમાં તેઓ બંન્ને જ હાજર હોઈ, આરોપીએ તેને તેની સાથે શરીર સંબંધ બાંધવો છે, તેમ જણાવતાં અને તેઓ એકબીજા સાથે વાતચીત કરતા હોય અને તેમના સારા સંબંધ હોય, જેના કારણે ફરિયાદી તેને વશ થયેલ અને તેઓ બંન્નેએ શરીર સંબંધ બાંધેલો હતો. તે તમામ સંજોગોમાં, ફરિયાદીના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ફરિયાદીની ઈચ્છા વિરુધ્ધ તેની સાથે અવાર–નવાર શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત કે આરોપીની ધમકીના કારણે ફરિયાદીએ તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત રેકર્ડ પરથી માની શકાય તેમ નથી.

**(૧૧.૪)** વધુમાં, ફરિયાદી ધ્વારા આ કામના આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલ છે કે, આરોપીએ તેના જે ફોટા પાડેલ હતા, તે વાયરલ કરી દેવાની તેણે ધમકી આપેલ હોય તથા જો ફરિયાદી તેની સાથે સંબંધ નહિં રાખે તો તે વાત તેના પતિને જણાવી દેશે તેવી ધમકી આપેલ હોય, ફરિયાદીને આરોપી બોલાવે ત્યાં જવુ પડતુ હતુ અને તે ધમકીના કારણે ફરિયાદીએ આરોપી સાથે શરીર સંબંધ બાંધેલ હતો. તે આક્ષેપો અંગે પણ ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, ફરિયાદીએ પોતે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે જયારે તેના પિયરમાં જતી હતી ત્યારે જુદા જુદા વસ્ત્રો પહેરી તેના ફોટા પાડી ગોવીંદભાઈને મોબાઈલથી તે ફોટા મોકલતી હતી અને તેની બેનની છોકરીનુ વેવીશાળ હતુ તે વખતે પાડેલા ફોટા તેણે ગોવીંદભાઈને મોબાઈલ ફોનથી મોકલેલા. વધુમાં,

ફરિયાદીના ઉપરોકત આક્ષેપો અંગે આ કામના તપાસ કરનાર અધિકારી એ.પી.સલૈયાએ પણ તેની આંક–૫૧ ની જુબાનીમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ભોગ બનનારને જયારે જયારે બોલાવતા ત્યારે ભોગ બનનાર જતા અને એકબીજાના ફોટા શેર કરતા હતા તેવી હકીકત તેમની તપાસમાં ખુલેલી. વધુમાં, ફરિયાદીએ તેના ઉપરોકત આક્ષેપો અંગે તેની ઉલટતપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણે તેની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, આરોપીએ તેના ફોનમાં તેના ફોટા પાડી લીધેલા. તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેના તથા ગોવીંદભાઈ વચ્ચે પ્રેમ સંબંધ છે તેવી તેના તથા ગોવીંદભાઈના કુટુંબીજનોને ખબર પડેલી. વધુમાં, રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના આરોપીએ તેના મોબાઈલમાં ફરિયાદીના કોઈ ફોટા પાડેલ હોય તેવો કોઈ પુરાવો પણ ફરિયાદપક્ષે આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, આ કામના આરોપીએ ફરિયાદીને તેના કહેવા મુજબની ખરેખર કોઈ ધમકી આપેલ હોત તો ફરિયાદી સદર ધમકીની હકીકત ચોકકસપણે તેના પતિ તથા તેના ભાઈ તથા આરોપીને તે જે ઓરડીમાં મળવા જતી હતી ત્યાંના આજુબાજુના લોકોને જણાવી શકી હોત. પરંતુ, રેકર્ડ ધ્યાને લેતાં, ફરિયાદી ધ્વારા તેવી કોઈ ધમકીની વાત તેના ભાઈ કે તેના પતિ કે આજુબાજુના લોકોને જે તે બનાવના અરસામાં જણાવેલ હોય, તેવી કોઈ હકીકત પણ રેકર્ડ પર આવેલ નથી અને ઉલટાનું તે ઘણીવાર તેની દિકરી સાથે પણ આરોપીને તેની ઓરડીમાં મળવા જતી હોવાની હકીકત રેકર્ડ પરથી સાબિત થાય છે.

**(૧૧.૫)** ઉપરોકત તમામ સંજોગોમાં, આ કામના આરોપી ધ્વારા ફરિયાદીના ફોટા પાડી તેને બ્લેકમેઈલ કરવામાં આવેલ હોય કે તેના અને ફરિયાદી વચ્ચેના સદર સંબંધોની વાત ફરિયાદીના પતિને જણાવી દેવાની ધમકી આપી, ફરિયાદી સાથે તેની ઈચ્છા વિરુધ્ધ શરીર સંબંધ બાંધેલ હોય તેવી હકીકત પણ નિ:શંકપણે રેકર્ડ પરથી સાબિત માની શકાય તેમ નથી અને ઉલટાનું ફરિયાદીની જુબાની પરથી જ એ હકીકતનું અનુમાન થઈ શકે તેમ

છે કે, તેના તથા આરોપી વચ્ચેના પ્રેમ સંબંધની વાત ફરિયાદીના તથા આરોપીના કુટુંબીજનોને થઈ જતાં, ફરિયાદી ધ્વારા તેના પતિના કહેવાથી આ કામના આરોપી સામે પાછળથી અને ખુબ જ વિલંબથી હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

**(૧૧.૬)** આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં, આ કોર્ટને ફરિયાદીની જુબાની તેના ધ્વારા આ કામના આરોપી સામે કરવામાં આવેલ આક્ષેપો અંગે કોર્ટનો વિશ્વાસ પ્રેરે તેવી જણાઈ આવતી ન હોય, ફરિયાદીની સદર શંકાસ્પદ જુબાની આધારે આ કામના આરોપીને આક્ષેપિત ગુન્હા અંગે તકસીરવાન ઠરાવવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, આ કોર્ટના ઉપરોકત તારણને નામદાર સુપ્રિમ કોર્ટના **2024 (0) AIJEL - SC - 74274 "PRASHANT VS. STATE OF NCT OF DELHI "** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પરથી પણ સમર્થન મળી રહે છે. જે ચુકાદામાં સહમતીના સંબંધો (consensual relationship) અંગે નીચે મુજબ ઠરાવેલ છે.

"17. In the present case, the issue that had to be addressed by the High Court was whether, assuming all the allegations in the FIR are correct as they stand, an offence punishable under Sections 376 and 506 IPC were made out. A bare perusal of the FIR reveals that the appellant and the complainant first came in contact in the year 2017 and established a relationship thereafter. The parties met multiple times at various places during the years 2017 and 2019, including at parks and their respective houses. Although the complainant stated that the appellant had a forceful sexual relationship with her, neither did she stop meeting the appellant thereafter, nor did she file a criminal complaint during the said period.

18. It is inconceivable that the complainant would continue to meet the appellant or maintain a prolonged association or physical relationship with him in the absence of voluntary consent on her part. Moreover, it would have been improbable for the appellant to ascertain the complainant's residential

address, as mentioned in the FIR unless such information had been voluntarily provided by the complainant herself. It is also revealed that, at one point, both parties had an intention to marry each other, though this plan ultimately did not materialize. The appellant and the complainant were in a consensual relationship. They are both educated adults. The complainant, after filing the FIR against the appellant, got married in the year 2020 to some other person. Similarly, the appellant was also married in the year 2019. Possibly the marriage of the appellant in the year 2019 has led the complainant to file the FIR against him as they were in a consensual relationship till then.

19. In our view, taking the allegations in the FIR and the charge-sheet as they stand, the crucial ingredients of the offence under Section 376 (2)(n) IPC are absent. A review of the FIR and the complainant's statement under Section 164 CrPC discloses no indication that any promise of marriage was extended at the outset of their relationship in 2017. Therefore, even if the prosecution's case is accepted at its face value, it cannot be concluded that the complainant engaged in a sexual relationship with the appellant solely on account of any assurance of marriage from the appellant. The relationship between the parties was cordial and also consensual in nature. A mere breakup of a relationship between a consenting couple cannot result in initiation of criminal proceedings. What was a consensual relationship between the parties at the initial stages cannot be given a colour of criminality when the said relationship does not fructify into a marital relationship. Further, both parties are now married to someone else and have moved on in their respective lives. Thus, in our view, the continuation of the prosecution in the present case would amount to a gross abuse of the process of law. Therefore, no purpose would be served by continuing the prosecution.

20. The ingredients of criminal intimidation are threat to another person, inter alia, with any injury to his person, reputation with intent to cause alarm to that person or to cause that person to any act which he is not

legally bound to do. In the instant case, as already noted, the relationship between the appellant and the complainant was consensual in nature. In fact, they wanted to fructify the relationship into marriage. It is in that context that they indulged in sexual activity. Therefore, there cannot be a case of criminal intimidation involved as against the complainant. We do not find that there was any threat caused to the complainant by the appellant when all along there was cordiality between them and it was only when the appellant got married in the year 2019 that the complainant filed a complaint. In the circumstances, we do not think that the offence under Section 503 read with Section 506 of the IPC has been made out in the instant case.

21. As demonstrated in the above analysis, the facts as they stand, which are not in dispute, indicate that the ingredients of the offence under Sections 376 (2)(n) or 506 IPC are not established in the instant case. The High Court erred in concluding that there was no consent on the part of the complainant and therefore she was a victim of sexual assault over a period of time and therefore, proceeded to dismiss the application under Section 482 CrPC on a
completely misconceived basis. The facts of the present case are appropriate for the High Court to have exercised the power available under Section 482 CrPC to prevent abuse of the court's process by continuing the prosecution.

22. Recently this Court in XXXX vs. State of Madhya Pradesh, **(2024) 3 SCC 496** held that when the relationship between the parties was purely consensual and when the complainant was aware of the consequences of her actions, the ingredients of the offence of rape were not made out. Similarly, in **Pramod Suryabhan Pawar v. State of Maharashtra, (2019) 9 SCC 608** arising out of identical facts, this Court has enumerated the following:

> "18. To summarise the legal position that emerges from the above cases, the "consent" of a woman with respect to Section 375 must involve an active and reasoned deliberation towards the proposed act. To establish whether the "consent" was vitiated by a "misconception of fact" arising

out of a promise to marry, two propositions must be established. The promise of marriage must have been a false promise, given in bad faith and with no intention of being adhered to at the time it was given. The false promise itself must be of immediate relevance, or bear a direct nexus to the woman's decision to engage in the sexual act."

23. We, accordingly allow the appeal and set-aside the impugned judgment and order of the High Court dated 16.10.2023 in application under Section 482 CrPC. The application under Section 482 of CrPC shall accordingly stand allowed. The FIR No.272 of 2019 dated 29.09.2019 registered with Police Station South Rohini, Delhi under Sections 376(2)(n) and 506 of the IPC, charge-sheet dated 22.11.2019 filed in the Court of Metropolitan Magistrate, Rohini, Delhi and the trial pending in the Court of ASJ, Rohini, Delhi shall accordingly stand quashed.

**(૧૨.૦)** વધુમાં, ફરિયાદીની ઉપરોકત જુબાની સંદર્ભે તેના ભાઈની આંક–૧૯ ની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાની ધ્યાને લેતાં, તેની જુબાની પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર સાહેદનો મૌખિક પુરાવો હીઅર–સે પ્રકારનો પુરાવો છે. વધુમાં, સદર સાહેદે તેની જુબાનીમાં જયારે એવી હકીકત પણ જણાવેલ છે કે, તેની બહેન સાથે કઈ જગ્યાએ બનાવ બનેલો તે બાબતે ભોગ બનનાર તેની બહેને તેને કાંઈ જણાવેલ નથી. તે તમામ સંજોગોમાં સદર સાહેદનો પુરાવો પણ ફરિયાદીની જુબાનીના સમર્થનમાં ધ્યાને લઈ શકાય તેમ નથી. વધુમાં, સદર સાહેદે તેની ઉલટતપાસમાં જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપીના પ્રેમ સંબંધની જાણ તેઓ મંદિરે દર્શન કરવા જતા હતા તે વખતે આરોપીનો ફોન આવતાં તેને થયેલી. તેમજ જયારે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલ તે વખતે આરોપી તેના સારવદર ગામે રહેતા હતા અને આ પછી ભોગ બનનારે આરોપીને સારવદર ગામેથી ભાવનગર બોલાવી લીધેલા. તે તમામ સંજોગો પરથી પણ એ હકીકત સ્પષ્ટ થાય

છે કે, સદર બનાવના અરસામાં ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધો હતા અને તે સંબંધના કારણે આરોપી તથા ભોગ બનનાર વચ્ચે શારીરિક સંબંધ બંધાયેલા હતા. આમ, આ સાહેદની જુબાની પરથી પણ આ કામના આરોપી દ્વારા ફરિયાદી સાથે આક્ષેપિત કોઈ ગુન્હો આચરવામાં આવેલ હોય, તે હકીકત શંકાથી પર સાબિત માની શકાય તેમ નથી.

**(૧૨.૧)** વધુમાં, ફરિયાદીની જુબાની સંદર્ભે ફરિયાદીની બહેનની આંક–૨૦ ની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાની ધ્યાને લેતાં, તેની જુબાની પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સદર સાહેદ દ્વારા તેની સરતપાસની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસની લેષમાત્ર હકીકતોને સમર્થન આપવામાં ન આવતા અને તેણે તેની સોગંદ પરની જુબાનીમાં તેની ભોગ બનનાર બહેન સાથે કોઈ બનાવ બનેલ હોય અને તેણીએ તેને તે બાબતે કોઈ વાત કરેલ હોય, તેવું બનેલ નથી તેવી હકીકત જણાવતા, ફરિયાદપક્ષે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. આમ, આ સાહેદની જુબાની પરથી પણ ફરિયાદી સાથે કહેવાતો કોઈ બનાવ બનેલ હોય, તે હકીકતને લેષમાત્ર સમર્થન મળી રહેલ નથી.

**(૧૨.૨)** વધુમાં, ફરિયાદીની જુબાની સંદર્ભે ફરિયાદીના પતિની આંક–૨૧ ની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાની ધ્યાને લેતાં, તેણે તેની સોગંદ પરની સરતપાસમાં જયારે એવી હકીકત જણાવેલ છે કે, ફરિયાદી/ભોગ બનનારે તેને ફોનમાં ''ભુલ થઈ ગયેલ છે, હું ગોવિંદ નામના છોકરા સાથે ફોનમાં વાત કરતી, અને ગોવિંદ સાથે ફોટા પડાવ્યા છે, મારી ભુલ થઈ છે, તે જતી કરો.'' તેવી હકીકત જણાવેલ. તેથી તેણે ફરિયાદી/ભોગ બનનારની ભુલ જતી કરેલી. તે સંજોગો પરથી પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના આરોપી દ્વારા ભોગ બનનાર સાથે ભોગ

બનનારની મરજી વિરુધ્ધ કોઈ શારીરિક સંબંધ બાંધવામાં આવેલ નથી. વધુમાં, આ સાહેદની જુબાની પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, બનાવના અરસામાં ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હતો અને તેની જાણ ફરિયાદીના પતિને થઈ જતાં, ફરિયાદી/ભોગ બનનારે આ સાહેદ કે જે તેના પતિ થાય છે તેની પાસે તેની સદર ભુલ થઈ ગયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ હતો અને ત્યારબાદ તેઓ ધ્વારા આરોપી સામે વિલંબથી હાલની ફરિયાદ કરવામાં આવેલ છે. વધુમાં, આ સાહેદે તેની ઉલટતપાસમાં જયારે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેણે તેના પોલીસ નિવેદનમાં  એવી હકીકત લખાવેલ નથી કે, ''ગોવિંદના મિત્રોના ફોન પણ મારા ફોનમાં આવતાં અને મને ધમકી આપતા.'' તે સંજોગોમાં, આ સાહેદે  તેની સરતપાસમાં તેની પત્નીના ખરાબ ફોટા અને વીડીયો બાબતે આરોપી ધ્વારા તેને ધમકી આપવામાં આવેલ હતી, તે હકીકત પણ તદ્દન શંકાસ્પદ બની જાય છે. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં, આ સાહેદની સરતપાસની સદર હકીકત પણ ફરિયાદપક્ષના કેસની તરફેણમાં ધ્યાને લેવાનું આ કોર્ટને ઉચિત જણાતુ નથી.

**(૧૨.૩)** વધુમાં, ફરિયાદપક્ષે આ કામે ફરિયાદી/ભોગ બનનારની મેડીકલ ચકાસણી કરનાર ડો. અદિતી વિઠ્ઠલની આંક–૩૯ ની જુબાની પર તથા તેમની જુબાનીમાં રજુ થયેલ આંક–૪૦ તથા આંક–૪૧ ના મેડીકલ સર્ટીફીકેટની વિગતો પર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ, સદર સાહેદે પણ તેની સોગંદ પરની જુબાનીમાં જયારે એવી હકીકત જણાવેલ છે કે, ભોગ બનનારની શરીરની બાહય તપાસણી કરતાં, તેના શરીરે કોઈપણ જાતની ઈજા માલુમ પડેલ ન હતી. તેમજ તેણીના ગુપ્ત તથા આંતરિક ભાગોમાં કોઈ ઈજાના નિશાન જોવા મળેલ ન હતા. તે સંજોગોમાં, આ સાહેદની જુબાની પરથી પણ ફરિયાદી/ભોગ બનનાર સાથે આરોપી ધ્વારા કોઈ બળજબરી કરવામાં આવેલ હોય કે તેની સાથે બળાત્કાર કરવામાં આવેલ હોય, તે હકીકતને સમર્થન મળી રહેલ નથી.

વધુમાં, ફરિયાદપક્ષે આરોપીની મેડીકલ ચકાસણી કરનાર ડોકટરશ્રી એ.બી.ગોસાઈની આંક–૪૩ ની જુબાની પર તથા તેમની જુબાનીમાં રજુ થયેલ આંક–૪૪ થી આંક–૪૬ ના મેડીકલ પેપર્સ પર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ, સદર સાહેદની જુબાની ધ્યાને લેતાં, તે સાહેદે પણ તેની જુબાનીમાં જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના શરીરે જોતાં, કોઈ બાહય કે આંતરીક ઈજાના નિશાન જોવા મળેલ ન હતા અને આરોપીની તેમની સમક્ષની હિસ્ટ્રી મુજબ આરોપી અને ફરિયાદી ધ્વારા ફરિયાદીની મરજી અને સંમતિથી અનેક વખત શરીર સંબંધ બાંધવામાં આવેલ હતા. તે સંજોગોમાં, આ સાહેદની જુબાની પરથી પણ આરોપી ધ્વારા ફરિયાદી/ભોગ બનનાર સાથે બળાત્કાર કરવામાં આવેલ હોય તે હકીકતને સમર્થન મળી રહેલ નથી.

**(૧૨.૪)** વધુમાં, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષે રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના, ભોગ બનનારના કપડા કબજે કર્યાના, આરોપીની અટક તથા તેના કપડા કબજે કર્યાના પંચનામા તથા ભોગ બનનારના સેમ્પલો કબજે કર્યાના તથા આરોપીના સેમ્પલો કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતોને જે તે પંચ સાહેદો ધ્વારા લેષમાત્ર સમર્થન આપવામાં આવેલ નથી અને તે સંજોગોમાં, ફરિયાદપક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદો કે સાંયોગીક પુરાવા પરથી પણ સમર્થન મળી રહેલ નથી. વધુમાં, ફરિયાદપક્ષે આ કામે તપાસ કરનાર અધિકારી એ.પી.સલૈયાની જુબાનીમાં રજુ કરવામાં આવેલ મુદ્દામાલ પૃથ્થકરણ અંગે એફ.એસ.એલ. ને લખવામાં આવેલ આંક–પર ની મુદ્દામાલ રવાનગી યાદીની વિગતો ધ્યાને લેતાં, તેના પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તપાસ કરનાર અધિકારી ધ્વારા સદર તપાસના કામે કબજે કરવામાં આવેલ ફરિયાદીના કપડા તથા આરોપીના કપડા તથા ફરિયાદી અને આરોપીના મેડીકલ સેમ્પલો પૃથ્થકરણ માટે એફ.એસ.એલ., જુનાગઢને મોકલવામાં આવેલ છે. પરંતુ, ત્યારબાદ તે મુદ્દામાલ અંગેના પૃથ્થકરણનો

એફ.એસ.એલ. નો કોઈ અહેવાલ આ કામે રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં, રેકર્ડ પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદપક્ષના કેસને તથા ફરિયાદીના આક્ષેપોને કોઈ એફ.એસ.એલ. ના સાઈન્ટીફીક પુરાવા પરથી પણ સમર્થન મળી રહેલ નથી. આમ, ફરિયાદપક્ષ તેના રેકર્ડ પરના ઉપરોકત પુરાવા પરથી આ કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે.

**(૧૩.૦)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ રેકર્ડ પરના ઉપરોકત પુરાવાનુ સમગ્રપણે મુલ્યાંકન કરતા, ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હાનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, તે તમામ સંજોગોમાં, **મુદ્દા નં.૧ નો** નિર્ણય ''**નકારમાં**'' આપવામાં આવેલ છે અને **મુદ્દા નં.ર પરત્વે** નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે :

**<u>:: આખરી હુકમ ::</u>**

૧. આ કામના આરોપી ગોવિંદભાઈ મનજીભાઈ ચુડાસમા, રહે. સારવદર ગામ, તા.ઘોઘા, જી.ભાવનગર નાઓને તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(ર)(એન), ૫૦૬(ર) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાં થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબના મુદ્દામાલ આર્ટીકલ એક કાળા કલરનો LYF કંપનીનો મોબાઈલ ફોન જેમાં એક આઈડીયા કંપનીનું સીમકાર્ડ છે તે તથા એક કાળા કલરનો JIO કંપનીનો મોબાઈલ છે. જેના IMEI No.911590753950921 ના છે તે મુદ્દામાલ અપીલ સમય વીત્યા

બાદ આ કામના આરોપીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામે કબજે કરવામાં આવેલ તે સિવાયના તમામ બિનકિંમતી મુદ્દામાલ આર્ટીકલોનો અપીલ સમય વીત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) મુજબ આ હુકમ સામે ઉચ્ચ અદાલતમા અપીલ કે પીટીશન થયે જે તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૮'મી, માહે–માર્ચ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૮/૦૩/૨૦૨૫**
**ભાવનગર.**

**(મહેન્દ્રસિંહ ભંવરસિંહ રાઠોર)**
**ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,**
**ભાવનગર.**
**(કોડ નં.જી.જે.૦૦૮૨૭)**

*Bhavik*